છૂટક નકલ : રૂ. ૧૫-૦૦ વાર્ષિક લવાજમ : રૂ. ૫૦-૦૦

## ૧. સંપાદકીય

"Work builds peace, because work gives people roots, ir builds communities and it gives meaning and dignity to one's Life."
- Ilabahen Bhatt

કોરોના મહામારી અને એમાંથી અર્થતંત્રની જે સ્થિતિ થઈ છે તેણે ફરી એકવાર ગામડાં તરફ આપણું ધ્યાન આકર્ષિત કર્યું છે. ગાંધીજીએ આજથી લગભગ ૧૦૦ વર્ષ પહેલાં કહ્યું હતું, 'I am convinced that if India is to attain true freedom and through India the world also, then sooner or later, the fact must be recognized that the people will have to live in villages, not in towns, in huts and not in palaces.' ગાંધીજીને મન ગામ એ જ ભારત હતું. એ માનતા કે ભારતનાં ૭ લાખ ગામોને જીવતાં અને સક્રિય રાખવામાં આપણે સફળ થઈશું, તો ભારત અને એ મારફતે સમગ્ર વિશ્વના અસ્તિત્વ સામેના બધા ખતરા, બધા પડકારોને આપણે ઝીલી શકીશું. બે વિશ્વયુદ્ધો પછી વિશ્વની જે ચીથરેહાલ પરિસ્થિતિ હતી, એમાં ગાંધીજી બદલાવ, મૂળભૂત બદલાવ લાવવા માંગતા હતા. આ બદલાવના દરેક વિચારનો પાયો નૈતિકતા હતો. ગામની સંસ્કૃતિ અને લોકોમાં એમને અપાર વિશ્વાસ હતો. ત્યાં એમને આશા દેખાતી હતી. નૈતિકતાના પાયા પર વિખરાયેલી માનવતાનું નવઘડતર કરવા માટે ગામની સંસ્કૃતિ વધારે અનુકૂળ હતી. એ માનતા હતા કે સત્ય અને અહિંસા વગરનો સમાજ માનવતા-વિહોણો બનશે અને સત્ય અને અહિંસા, ગામડાના જીવનની સાદગીમાં જ ઉજાગર થઈ શકશે. ચરખાથી જ એ ઘડાશે. એ કહેતા કે 'વિશ્વ ભલે મારી આ વાત ન સ્વીકારે અને ખોટા રસ્તે જાય, ભારત પણ ખોટા રસ્તે જાય તો પણ મને એનો ભય નથી, પણ મારી એ ફરજ છે કે હું મારી બધી તાકાતથી એનો વિરોધ કરું અને મને દેખાય છે તે સત્ય કહું.'



એમણે ગ્રામસ્વરાજ વિશે અને ગામડા વિશે ઘણું લખ્યું છે. એમની આદર્શ ગામની પરિકલ્પનામાં આર્થિક સમૃદ્ધિ સિવાય બીજી અનેક બાબતોનો સમાવેશ થતો હતો. મોટાભાગના લોકોના મનમાં ગામડું એ પછાતપણાનું પ્રતીક હતું. એને લઈને આગળ ચાલવાની વાત એ અંધારામાં બંધ ફાનસે ચાલવા જેવી છે.

નેહરુજી સાથેના એમના પત્રવ્યવહારમાં એ લખે છે કે 'તમે એમ ન માનતા કે આજે જે ગામડું છે તેની હું વાત કરું છું...મારા આદર્શ ગામમાં બુદ્ધિશાળી લોકો રહેતા હશે. એમાં ગંદકી અને અંધારું નહીં હોય. સ્ત્રી અને પુરુષ મુક્ત હશે અને દુનિયામાં કોઈનો પણ સામનો કરી શકશે. ગામમાં પ્લેગ કે કૉલેરા નહીં હોય, કોઈ નવરું નહીં હોય, કોઈ સંપત્તિમાં ડૂબેલું નહીં હોય. દરેક પોતાના ભાગનો શારીરિક શ્રમ કરતો હશે. એમાં રેલવે, પોસ્ટ, તાર ઑફિસ વગેરે હશે અને બીજું ધીરે ધીરે આ ચિત્રમાં ઉમેરાતું જશે.'

ગાંધીજીને મન સ્વરાજ એટલે વ્યક્તિગત અને સામૂહિક રીતે આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક ઉન્નતિ. એક સ્વસ્થ, સુખી, ગતિશીલ, સક્રિય સમાજની રચના. જ્યારે લગભગ આખું વિશ્વ ઔદ્યોગિક ક્રાંતિથી અંજાયેલું હતું, જ્યારે વિજ્ઞાનનો ઉપયોગ નવતર ટૅક્નોલોજી શોધવામાં ખૂબ ઝડપથી થતો હતો. માનવઊર્જા (શારીરિક શ્રમ)નું સ્થાન બહારની ઊર્જાએ લેવા માંડ્યું હતું. ઝડપી અને ઊંચા વિકાસનો દર એ વિશ્વના બધા દેશોનું ધ્યેય બની ગયું હતું, ત્યારે ગાંધીજી આ બધી ચકાચૌંધની અંધારી બાજુ પણ જોઈ શક્યા હતા. ગાંધીજી માનતા કે જો ઔદ્યોગિકીકરણના રસ્તે આપણે આગળ વધીશું, તો આપણે આપણા સાંસ્કૃતિક મૂલ્યો નહીં જાળવી શકીએ અને ૧૦૦% નિષ્ફળતા પ્રાપ્ત કરીશું. સત્ય, અહિંસા અને ઔદ્યોગિક ક્રાંતિનું સહઅસ્તિત્વ અશક્ય છે. આથી જ ભારતે મજબૂતીથી પશ્ચિમની રાહના આકર્ષણને તોડવું પડશે. વિજ્ઞાન અને ટૅક્નોલોજી લોભના પાયા પર આગળ વધ્યાં છે. ગામડાં જ્યાં સુધી એ રાહ પર નથી ચડ્યા, ત્યાં સુધી સાચા અર્થમાં સ્વરાજ એમના મારફતે પ્રાપ્ત કરવાનું શક્ય છે. શહેરના પ્રભાવને તોડી જ્યારે ગામડા પરિવર્તનની પ્રક્રિયાની અગુવાઈ કરશે ત્યારે જ ખરા અર્થમાં ગ્રામસ્વરાજનું ગાંધીજીનું સ્વપ્ન સિદ્ધ થશે.

ટૂંકમાં ગાંધીજી શહેર અને ગામડાં બે સંસ્કૃતિને સાથે સીંચવાની તરફેણમાં ન હતા. એ કહેતા, જો આપણે વ્યક્તિગત રૂપે સમજી શકીએ કે "ભારતના ગામડાને પુનર્જીવિત કરવા એ આપણા અસ્તિત્વ માટે અનિવાર્ય છે, તો બધું જ શક્ય છે." મૂળ વાત સમજવાની અને સ્વીકારવાની છે.

**(અનુસંધાન પૃ.૨૯ પર...)**

સંપાદક : **મંદા પરીખ**

'ભારતીય સમુદાય શિક્ષણ સંઘ' સંચાલિત

# યાત્રાપથ


● પ્રકાશક ●

**ભારતીય સમુદાય શિક્ષણ સંઘ**

'યાત્રાપથ' દર જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ, ઑક્ટોબરની ૧૫ તારીખે રવાના કરાય છે. તા. ૨૦ સુધીમાં જો અંક ન મળે તો કાર્યાલયના સરનામે જાણ કરશો.

● કાર્યાલય ●

**ભારતીય સમુદાય શિક્ષણ સંઘ**

**સમુદાય શિક્ષણ ભવન**

ઑફ આશ્રમરોડ,

નવજીવન પ્રેસ રોડ,

અમદાવાદ-૩૮૦૦૧૪

ફોન : ૦૭૯-૨૭૫૪૩૧૭૪

Email : iscehouse@gmail.com

Website : http://iscecommunity.org

Facebook : iscehouse@gmail.com


**વાચકોને : આપના પ્રતિભાવો અને કાર્યક્રમોની વિગતો જો મોકલશો તો આભારી થઈશું.**


મુદ્રક :

**અર્થ કમ્પ્યૂટર**

૨૦૩, મૌર્ય કોમ્પ્લેક્સ,

સી. યુ. શાહ કૉલેજ પાસે,

ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪

મો. ૯૩૨૭૦૩૬૪૧૪


Subject to Ahmedabad Jurisdiction

## ક્રમની કેડીએ...


| *ક્રમ વિષય* | *પૃષ્ઠ* |
|---|---|
| ૧. સંપાદકીય | ૧ |
| ૨. યુરોપના આમ્સ્ટર્ડામના શિક્ષણમાં માનવમૂલ્યોની ખોજ | ૪ |
| ૩. કોરોના કેપિટાલિઝમ - ૨ | ૧૦ |
| ૪. પ્રવૃત્તિ સરિતા | ૧૮ |
| ૪.૧ કોરોના વાઈરસ અંગે વેબિનાર | ૧૮ |
| ૪.૨ કોરોના મહામારીને લીધે આદિવાસી ગ્રામીણ શ્રમિકો પર અસર : સર્વે રિપોર્ટ | ૧૯ |
| ૪.૩ ધ્વજવંદન | ૨૧ |
| ૪.૪ કોરોના સંદર્ભે રાહતકાર્યો | ૨૧ |
| ૫. સમુદાય શિક્ષણમાં અવનવું | ૨૨ |
| ૫.૧ વિજ્ઞાનક્ષેત્રે જાતીય અસમતુલા પર જેન્ડર રિપોર્ટ | ૨૨ |
| ૫.૨ ગરીબી મુક્ત ભારત ઉપર યુવા શિબિર | ૨૩ |
| ૬. પુસ્તક પરિચય | ૨૫ |
| ૭. આગામી કાર્યક્રમ | ૨૭ |
| ૭.૧ નિબંધ લેખન સ્પર્ધા | ૨૭ |
| ૭.૨ 'કોવિડ-૧૯ અને યુવાનોની ભૂમિકા' વિષય પર વેબિનાર | ૨૭ |
| ૭.૩ મોબાઈલ વીડિયો સ્પર્ધા-૨૦૨૦ | ૨૭ |
| ૭.૪ આદિવાસી બાળકોને મોબાઈલ દ્વારા ઑનલાઈન શિક્ષણ આપવું | ૨૮ |
| ૭.૫ કોરોના મહામારી અને બેરોજગારી વેબિનાર | ૨૮ |




## ૨. યુરોપના આમ્સ્ટર્ડામના શિક્ષણમાં માનવમૂલ્યોની ખોજ*

**- પ્રા. રામલાલ પરીખ**

હું તાજેતરમાં જ નેધરલેન્ડ ગયો હતો. એ દેશની વસ્તી આશરે ૩૦ લાખની છે. એટલે કે આપણા સૌરાષ્ટ્ર પ્રદેશ કરતાં પણ કંઈક ઓછી અને વિસ્તાર પણ એના કરતાં નાનો. ૧૦૦ કિમીનો પ્રવાસ કરીએ એટલે દેશના એક છેડેથી બીજે છેડે પહોંચી જવાય, તેટલો નાનો દેશ. આટલી ઓછી વસ્તી અને આટલો નાનો દેશ હોવા છતાં યુરોપના આ નાના દેશે માનવજીવનની પાયાની આવશ્યકતાઓ સિદ્ધ કરવામાં સારી એવી સફળતા સિદ્ધ કરી છે. વિદ્યાપીઠમાં 'માનવમૂલ્યો આધારિત શિક્ષણ વિશેનો પ્રૉજેક્ટ પ્રો. ઉન્નીથાનની દોરવણી હેઠળ ચાલે છે. આ પ્રૉજેક્ટ પાંચ વર્ષનો છે. શિક્ષણ શા માટે ? શિક્ષણથી નોકરી મળે એ એક અકસ્માત છે, પણ તે શિક્ષણનું ધ્યેય કે લક્ષ્ય નથી. વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિક અને કેળવણીકાર આઈન્સ્ટાઈને પણ કહ્યું છે કે આધુનિક શિક્ષણમાં તાલીમને નામે આપણે માનવીને તાલીમ પામેલા 'કૂતરા' બનાવીએ છીએ. આ શિક્ષણ નથી. આ વાત ગાંધીજી પહેલાં આઈન્સ્ટાઈને કરી હતી. ગાંધીજી કહેતા શિક્ષણ મારફતે જીવનનાં મૂલ્યોની અને ચારિત્ર્યની કેળવણી કરવી, તેનું ઘડતર કરવું, એ શિક્ષણનું મુખ્ય કાર્ય છે. ગયા વરસે આ સંશોધન પ્રૉજેક્ટ માટે નેધરલેન્ડની યુનિવર્સિટીઓના ફેડરેશનના બે પ્રાધ્યાપકો અહીં આવ્યા હતા. તેમણે મૂલ્યનિષ્ઠ શિક્ષણ અંગેના વિસ્તૃત નિબંધો રજૂ કર્યા હતા. એટલે કેળવણીનો પ્રશ્ન સ્થાનિક રહ્યો નથી. તેને વૈશ્વિક ભૂમિકાના સંદર્ભમાં જોવો પડે. મનુષ્યજાતિની કેળવણી કેવી રીતે કરવી તે ગાંધીજીએ તેમના લખાણ દ્વારા જીવન અને કાર્યો દ્વારા વિસ્તારથી રજૂ કરેલ છે. ગાંધીજીએ જે કહ્યું તેવું જીવન તે જીવ્યા. આજે સમગ્ર વિશ્વ મૂલ્યનિષ્ઠ શિક્ષણનાં સ્વરૂપોની શોધ માટે મથી રહ્યું છે.

નેધરલેન્ડની ભાષા ડચ છે. ઈંગ્લૅન્ડ તેના સામે કિનારે આવેલો દેશ છે. વચ્ચે એક ખાડી જ આવેલી છે, જે ગુજરાતના નાથુભાઈ પહાડેએ તરીને પાર કરી હતી. વિમાન માર્ગે ત્યાં પહોંચતા માત્ર ૪૫ મિનિટ જ થાય છે. ઈંગ્લૅન્ડ

* તા.૧૩-૭-૧૯૮૯ના રોજ કુલનાયકશ્રી પ્રા. રામલાલભાઈ પરીખે તેમના નેધરલેન્ડ અને રશિયાના બે સપ્તાહના પ્રવાસનાં સંસ્મરણો વિદ્યાર્થીઓ આગળ રજૂ કર્યાં હતાં. તેની નોંધને આધારે આ લેખ તૈયાર થયો છે.

આટલું પાસે હોવા છતાં નેધરલેન્ડ કે જે સામે કાંઠે છે ત્યાં અંગ્રેજી ભાષાનું પ્રભુત્વ નથી. ત્યાં બધો જ વ્યવહાર ડચ ભાષામાં જ ચાલે છે. રેલવે સ્ટેશનો ઉપર પણ મોટેભાગે અંગ્રેજીમાં પાટિયું જોવા મળતું નથી. શિક્ષણ, વૈજ્ઞાનિક સંશોધનો, ટૅક્નિકલ શિક્ષણ બધું જ તેમની માતૃભાષા ડચમાં. ભારતીય સંસ્કૃતિ અને ભારતીય પત્રકારત્વ વિશે ડચ ભાષામાં ચિત્રો સાથે એક સુંદર પુસ્તક જોવામાં આવ્યું. તેમાં ગુજરાતનાં અખબારોનાં નામ પણ હતા. માતૃભાષામાં કામ કરવાથી વિશ્વના અન્ય દેશોની માહિતી જાણી શકાતી નથી તે વાત તદ્દન વજૂદ વગરની છે તે સિદ્ધ થાય છે.

દસ શિક્ષણવિદોનો આ નાનો પરિસંવાદ હતો. કોઈપણ પ્રકારની ઔપચારિકતા વિના પરિસંવાદના વિષય-'મૂલ્ય આધારિત શિક્ષણ' વિશે સીધી ચર્ચા શરૂ થઈ. રોજ ત્રણે દિવસ આઠ કલાક વણથંભી ચર્ચા ચાલી. આ બેઠકમાં પ્રો. ટી. કે. એન. ઉન્નીથાન પણ આવ્યાં હતાં, જે આપણે ત્યાં મૂલ્યનિષ્ઠ શિક્ષણના કાર્યક્રમો વિકસાવવાનું કાર્ય કરી રહ્યાં છે. તેઓ રાજસ્થાન યુનિવર્સિટીના કુલપતિ હતા. આ પ્રકારના શિક્ષણ માટે ત્રણ જગાએ પ્રયોગો કરવાનું વિચારાઈ રહ્યું છે (૧) ભારતમાં ગૂજરાત વિદ્યાપીઠ (૨) ફ્રી યુનિવર્સિટી હૉલૅન્ડમાં (૩) ઇન્ડોનેશિયાની એકાદ યુનિવર્સિટી.

નેધરલેન્ડ દેશ નાનો હોવાથી અનાજ, જીવનજરૂરી ચીજવસ્તુઓ કાપડ વગેરેમાં સ્વાવલંબી બની ગયો છે. જો કે ગુનાખોરી, ચરિત્રહીનતા જેવા દૂષણો યુરોપમાં વ્યાપક છે તેનાથી નેધરલૅન્ડ હજુ મુક્ત થઈ શક્યું નથી. નાનકડો દેશ હોવાથી ત્યાં નિયમોનું પાલન ખૂબ જ કડકાઈથી થાય છે. મોટર હાંકનાર અને તેની સાથે બેસનારે નિયમ મુજબ પટ્ટો બાંધવો પડે છે. જો પટ્ટો ન બાંધ્યો હોય તો અથવા તો ટ્રાફિકના નિયમનું ઉલ્લંઘન કરવામાં આવે તો ટેલિવિઝન અને રડારથી થતાં નિરીક્ષણમાં પકડાઈ જવાય છે. નિયમ તોડનારને પાંચ જ મિનિટમાં પકડીને દંડ કરવામાં આવે છે. નહીં કોર્ટ, નોટિસ કે કેસ કોઈપણ પ્રકારની કાર્યવાહી નહીં. દંડ ભરો અને ગાડી લઈ જાઓ. દેશ ઘણો ધનાઢ્ય છે. પશુપાલન અને કૃષિ વિજ્ઞાન ક્ષેત્રે ટૅક્નોલોજીએ મોટો વિકાસ કર્યો છે. આપણા દેશમાં ત્યાંથી આવેલ હોલસ્ટન ગાયો લઈને ગુજરાતની ડેરીઓમાં આપણે દૂધનું ઉત્પાદન બમણું કરી શક્યા છીએ. ૩૦ લાખની વસ્તીનો નાનો દેશ હોવા છતાં સ્વાવલંબનની દિશામાં એ ઘણો વિકાસ સાધી શક્યો છે. મોટું હોય તો જલદી વિકાસ થાય તેવી પ્રચલિત માન્યતાથી આ



વિરુદ્ધની વાત છે. હૉલૅન્ડ, સ્વિટ્ઝરલૅન્ડ, ડેન્માર્ક, સ્વીડન, નોર્વે જેવા યુરોપના પાંચ-છ નાના દેશોનો આર્થિક વિકાસ ઇંગ્લૅન્ડ, ફ્રાંસ કે જર્મની કરતાં વધુ ઝડપી અને વ્યવસ્થિત છે એટલે નાના કદના દેશોમાં પણ ઝડપી વિકાસ કરી શકાય છે એમ સિદ્ધ થાય છે.

આમ્સ્ટર્ડામ મ્યુઝિયમોનું શહેર ગણાય છે. ત્યાં માઈકલ એન્જેલો, પિકાસો, વિન્સેન્ટ ગોધ જેવા વિશ્વના મહાન ચિત્રકારોનાં સેંકડો ચિત્રોની ત્યાં જીવની જેમ માવજત કરવામાં આવી છે. આમ્સ્ટર્ડામ પોતે જ ચિત્રકારોનો દેશ છે. ત્યાં ઘણાં વિશાળ મ્યૂઝિયમો આવેલાં છે. તેના એક જ શહેરમાં ૫૦ મ્યૂઝિયમો છે. ત્યાંના લોકોને પ્રાચીન કલાકૃતિઓ પ્રત્યે અનહદ પ્રેમ છે. સાથે સાથે સ્વચ્છતાની પણ ખૂબ જ ચીવટ છે. જો ભૂલથી પણ કાગળનો ટુકડો નાખો તો તરત જ તમને ત્યાંના સંરક્ષકો મ્યૂઝિયમની બહાર કાઢી મૂકે.

સામાન્ય રીતે બધા ત્યાં ધૂમ્રપાન કરે છે, પરંતુ ગમે ત્યાં નહીં. નક્કી કરેલી જગ્યાએ જ કરે. ટ્રેનમાં પણ ધૂમ્રપાનવાળા માટે અલગ ડબ્બાની વ્યવસ્થા હોય તેમાં જ કરી શકાય. ગમે તે સ્થળે નહીં. જે રાષ્ટ્રમાં કડક નિયમ પાલન અને શિસ્ત હોય તે જ રાષ્ટ્ર વિકાસ પામી શકે છે તેવી પ્રતીતિ નેધરલૅન્ડમાં ફરવાથી થયા વિના રહેતી નથી.

તેમણે કુદરતી સંપત્તિનો પણ વૈજ્ઞાનિક રીતે ઉપયોગ કર્યો છે. ત્યાં પવનની ખૂબ જ ઝડપ છે તેથી ઠેર ઠેર પવનચક્કીઓ મૂકી છે. લગભગ માઈલે માઈલે પવનચક્કીઓ જોવા મળે. તેનો તેમણે વીજળી ઉત્પન્ન કરવામાં ઉપયોગ કર્યો છે. આપણે ત્યાં સૌરાષ્ટ્રમાં પણ પવનની ખૂબ જ ઝડપ છે પણ તેનો ઉપયોગ કરીને વીજળી પેદા કરવાના કાર્યમાં આપણે ૪૦ વરસમાં ઝાઝી પ્રગતિ કરી નથી.

ત્યાં યુનિવર્સિટીઓ નાની, શાળાઓ નાની તેથી કડક નિયમપાલન અને શિસ્ત દ્વારા સુંદર વહીવટ જાળવવામાં આવે છે.

ત્યાં હું ભોમિયા સાથે મ્યૂઝિયમ જોવા ગયો હતો. તેણે બે ગાડીઓ વચ્ચે જગા જોઈ એટલે ગાડી ત્યાં ગોઠવી દીધી. અમે મ્યૂઝિયમ જોઈને પરત આવ્યા. ગ્રીસ અને રોમની ઐતિહાસિક સંસ્કૃતિનાં મહાન ચિત્રો જોયાં તેથી અનહદ આનંદ થયો. પણ પરત આવ્યા ત્યારે ગાડી નહોતી. પેલો ભોમિયો તો રડમસ થઈ ગયો. પોલીસ ગાડી લઈ ગઈ. પોલીસવાળા ક્રેનથી ગાડી ઉપાડી ગયા હતા. ટૂંકમાં ત્યાં આપણી માફક ગમે ત્યાં વાહન ન મુકાય. ત્યાં તો રાહદારી

માટે પણ અલગ રસ્તા છે. સાઈકલો માટે અલગ રસ્તા છે. આટલો ધનાઢ્ય દેશ હોવા છતાં તેણે સાઈકલો છોડી નથી. ત્યાં વ્યક્તિદીઠ બે સાઈકલોનું પ્રમાણ છે. તેમણે મોટર અને સાઈકલનું સહઅસ્તિત્વ બરાબર જાળવ્યું છે. ૩૦ લાખની વસ્તી માટે ૬૦ લાખ સાઈકલો ફરે છે. તેમણે મોટરયુગ હોવા છતાં સાઈકલયુગ છોડ્યો નથી.

આમ્સ્ટર્ડામથી ૫૦ કિમી દૂર એક નાના ગામડામાં અમે ગયા હતા. ત્યાં એક દેવળ હતું. તે ત્યાંના ખ્રિસ્તી પાદરીએ વેચી દીધું હતું. એક શાંતિપ્રેમી ક્વેકરે તે ખરીદી લીધું અને તેને આશ્રમમાં ફેરવી દીધું. નામ પણ ગાંધી આશ્રમ આપ્યું. આશ્રમમાં ધૂમ્રપાન, મદિરાપાન અને માંસાહારની સખત મનાઈ છે. અમે ત્યાં દોઢ કલાકની મુસાફરી બાદ પહોંચ્યા. ૮૦-૯૦ ઘરનું નાનકડું ગામડું હોવા છતાં ત્યાં પણ નિયમોનું ચુસ્ત પાલન, પાર્કિંગના નિયમો પણ એટલા જ કડક. સ્વતંત્રતા એટલે સ્વચ્છંદતા કે સ્વૈરવિહાર નહીં. આશ્રમમાં બધાં જ કામ પોતે જાતે જ કરવાનાં. મોટા મહેમાન આવ્યા છે એટલે તેમણે કામ નહીં કરવાનું એમ નહીં. ત્યાંનો માણસ બધી વ્યવસ્થા બતાવી જાય, પછી આપણને અનુરૂપ વ્યવસ્થા જાતે ગોઠવવાની. સહુ જાતે પથારી કરે, પથારી ઉપાડે, રસોઈ જાતે બનાવે, કપડાંની જાતે ધુલાઈ કરે, વાસણ જાતે સાફ કરે, કોઈ પટાવાળા કે અન્ય કોઈની મદદ લેવાની નહીં. ત્યાં સંપૂર્ણ સ્વાવલંબન પ્રવર્તતું હતું. ત્યાં તેમણે શાંતિ અને અહિંસાની સાધના માટે ગાંધીજીની જીવનપદ્ધતિ અપનાવી છે. ગાંધીપ્રેમી લાન્ઝાદલા વાસ્તો એટલે કે શાંતિદાસે ફ્રાન્સમાં આર્ક-કૉમ્યુનિટીઆશ્રમ કર્યો છે તેવો જ આ આશ્રમ છે. આ પ્રકારની આર્ટ કૉમ્યુનિટીનાં ૧૧ આશ્રમો યુરોપમાં થયાં છે. ગાંધીજીના વિચારો પ્રમાણેના આશ્રમોની ત્યાં હારમાળા ઊભી થઈ રહી છે. હું ત્યાં ગયો, જાતે નાસ્તો તૈયાર કર્યો. સફાઈ, પ્રાર્થના વગેરે કર્યું. જાણે હું તો વિદ્યાપીઠના છાત્રાલયમાં હોઉં તેમ મને લાગ્યું.

જ્યાં પૂરતી રોજગારી છે, અઢળક સંપત્તિ છે, સુખી છે તેમને લાગે છે કે જાતમહેનત અને શ્રમના ગૌરવ વિના ટકી શકાશે નહીં. આપણાં માનવમૂલ્યો ખોવાઈ ન જાય માટે ગાંધીજીનાં જીવન અને કાર્યોમાંથી યુરોપના હજારો લોકો અને સંસ્થાઓ પ્રેરણા મેળવે છે. ગાંધી વિચાર અને આચારના પ્રયોગોમાંથી તેમને નૈતિક બળ મળે છે. શહેરીકરણ અને ઔદ્યોગિકીકરણની હવે અવધિ



આવી ગઈ છે. માનવીના મનને શાંતિ જોઈએ છે. તે માટે અહિંસક સમાજની શોધમાં હજારો માણસો આ દેશોમાં મથામણ કરી રહ્યા છે. આ આશ્રમ એવે સ્થળે બનાવ્યો છે કે જ્યાં તેની આસપાસના ૨૦ માઈલ સુધી કોઈ વસ્તી નજરે ન પડે. ત્યાં મેં ગાંધીજીના અક્ષરદેહના બધા જ અંગ્રેજી ગ્રંથો જોયા. અમે સહુએ સાથે મળીને રસોઈ બનાવી. વાસણો જાતે સાફ કર્યા. રસોઈનાં વાસણો સહુએ વહેંચીને સાફ કર્યાં. કાચની થાળીઓ સાફ કરવા માટે સાબુ અને બ્રશનો ઉપયોગ અહીં વૈજ્ઞાનિક રીતે થતો હતો. નળ નીચે મૂકી દેવાની દેખાવની સફાઈ કોઈ નહોતા કરતા. સમગ્ર યુરોપમાં ગાંધી-વિચારનો જે પવન ફૂંકાઈ રહ્યો છે તેમાં ગાંધીવિચાર અને વિજ્ઞાનનો સમન્વય વિશ્વવ્યાપી છે. ગાંધીવિચારથી ધબકતા આશ્રમજીવનનું આબેહૂબ દર્શન અહીં થયું. આ આશ્રમમાં ગાંધીવિચારનું અભ્યાસકેન્દ્ર ખોલવાની તેમની ખૂબ જ ઇચ્છા છે. તે માટે ગૂજરાત વિદ્યાપીઠ સાથે તેઓ જોડાવા માંગે છે. મેં કહ્યું કે અમે આટલે દૂર પહોંચી શકીએ નહિ. તેમણે કહ્યું કે તેઓ ગૂજરાત વિદ્યાપીઠનો ગાંધીવિચાર પત્રાચાર અભ્યાસક્રમ ચલાવવા ઇચ્છે છે. તે માટે જરૂરી પુસ્તકો વગેરે તેઓ મેળવશે. ગૂજરાત વિદ્યાપીઠ માત્ર સ્વાધ્યાયો તેમને મોકલે અને અભ્યાસક્રમ પૂરો કર્યા પછી પ્રમાણપત્રો આપે. આ માટે વિદ્યાપીઠના જે કંઈ ધારાધોરણો હશે તે તેઓ પાળવા તૈયાર છે. છેવટે આશ્રમમાં ગાંધીવિચારનું અભ્યાસકેન્દ્ર સ્થાપવાનું નક્કી કરવામાં આવ્યું.

ત્યાંની લાયન્સ ક્લબોએ શાળાઓ અને કૉલેજોમાં ફરીને સ્વૈચ્છિક રીતે શિક્ષણમાં માનવમૂલ્યો અંગેની એક મોટી પ્રશ્નોત્તરી તૈયાર કરી છે. તેઓ પણ હવે માનવમૂલ્યોને શિક્ષણમાં અંતર્ગત કરવા માટે મથી રહ્યા છે. હવે આપણે જે અહીં કરીએ છીએ તેમાં આપણે એકલા જ નથી. આપણી સાધના જૂની નથી, પણ અદ્યતન યુગની છે. તેથી તે વિશે આપણા સહુમાં પૂરો આત્મવિશ્વાસ ઊભો થવો જોઈએ.

કૃષિક્ષેત્રે તેમણે નાની નાની જમીનોમાં જમીનોના ટુકડાઓમાં પણ સઘન ખેતી કરીને ઉત્પાદન વધારવાના સફળ પ્રયોગો કર્યા છે. સાથે સાથે તેને આનુષંગિક સંસાધનો બાયોગેસ, ગોબરગેસ વગેરેમાં પણ તેઓ પ્રયોગો કરી નવી ટૅક્નોલોજી ઊભી કરી રહ્યા છે. મને એવું જણાય છે કે તેઓ આવી

બાબતોમાં અદ્યતન વિજ્ઞાનનો ઉપયોગ કરીને ઘણા ઉપયોગી કૃષિ વ્યવસાયો ખીલવશે.

શિક્ષણ એટલે મહેનત, પરિશ્રમ. તેમાં જરાયે શિથિલતા નહીં, શાળામાં કે કૉલેજમાં શિક્ષક કે વિદ્યાર્થી ગેરહાજર રહે તે ચાલી જ શકે નહીં. શિક્ષણ એટલે સખત પરિશ્રમ-માત્ર મોજ નહીં. શિક્ષણની સાથે સાથે તેઓ ઉત્સવો પણ એટલા જ ઉત્સાહથી ઊજવે છે. તેવી જ રીતે રમત-ગમતોમાં પણ તેઓ ખૂબ જ ઉત્સાહ દાખવે છે. બધામાં ઉત્સાહ, પરિશ્રમ અને કડીતોડ મહેનત સાથે સ્પર્ધા થાય છે. ફૂટબૉલની સ્પર્ધા હોય તે દિવસે તેની મેચ ટેલિવિઝન પર જોવા આખું યુરોપ ગાંડું થઈ જાય છે. ત્યાંના લોકોને ફૂટબૉલની સ્પર્ધામાં ઘણો રસ છે. ઈંગ્લૅન્ડ તેનાથી માંડ ૨૦૦ માઈલ દૂર હોવા છતાં આ દેશમાં ક્રિકેટ પ્રચલિત નથી. પણ ઈંગ્લૅન્ડ છ હજાર માઈલ દૂર હોવા છતાં આપણે ત્યાં શિક્ષણ કે વહીવટની બધી જ વ્યવસ્થાઓ ક્રિકેટ માટે બંધ થઈ જાય છે. રમત સ્પર્ધાને શિક્ષણનો એક ભાગ ગણીને રમતો યોજવામાં આવે છે. યુરોપમાં ફૂટબૉલની રમત એક જીગરની, સાહસની રમત છે, તેમાં મરણિયો જંગ ખેલાય છે, લોકો ભારે ઉત્સાહથી તેને નિહાળે છે.

ટૂંકમાં નેધરલેન્ડના મારા આ પ્રવાસનો અનુભવનો સાર એ છે કે શિક્ષણ એટલે સખત મહેનત, પરિશ્રમ, પરીક્ષાલક્ષી શિક્ષણ તો અહીં ક્યાંય જોવા નહીં મળે. ત્યાં પરીક્ષા રોજ જ હોય છે. વિદ્યાર્થીના મનમાં તેનો સતત ઉચાટ હોય છે. શીખવનાર અધ્યાપકો પરીક્ષણ-કાર્ય કરે છે. છતાં ત્યાં કોઈ વહાલા-દવલાનો પ્રશ્ન જ નથી હોતો. ઉપરથી વિદ્યાર્થીઓ તો એમ કહે કે બહારના પરીક્ષક હોય તો તેમને ઓછી તકલીફ પડે. પરીક્ષામાં ક્યાંય દયાભાવ જોવા ન મળે. શિક્ષણ તે તાલીમ છે માનવમૂલ્યોની, બૌદ્ધિક સૂક્ષ્મતાની.

Contemporary age is worn out by violence, although a vast majority of people live in peace & nonviolence. Mahatma Gandhi Lived and died for establishing the reliability of Non-violence, in all its dimensions social, political, economic, spitirual blended together. While futility and incapability of violence in solving basic human problems was brought by many, before Mahatma Gandhi in modern age, the practicability and success of non violence on a societal scale was cordially established by him only.

**- Ramlal Parikh**



## ૩. કોરોના કૅપિટાલિઝમ - ૨

(ગતાંકથી ચાલુ...) **પ્રૉ. હેમંતકુમાર શાહ***

**સેલિબ્રિટીઝનું બજાર : ઈંટની ચોરી અને સોયનું દાન**

કોરોના વાઈરસ બધાને સમાન રીતે મારી રહ્યો છે, બધાને ઘરમાં કેદ કરી રહ્યો છે, તે કોઈ જ પ્રકારનો ભેદભાવ કરતો નથી એમ વારંવાર કહેવામાં આવે છે. છેલ્લાં ૧૦૦ વર્ષમાં કદાચ પહેલી વાર ધનવાન કે અમીર સૌ એકસરખી મુસીબતમાં એકસાથે ફસાયા છે એમ પણ કહેવામાં આવે છે. પણ એમ લાગે છે કે કોરોના મહામારીના માહોલમાં સમાજમાં પહેલેથી જ પ્રવર્તમાન અસમાનતાને અવગણવાનું અશક્ય છે. અહીં સવાલ માત્ર સંપત્તિની અસમાનતાનો નથી, પણ આરોગ્ય સંભાળની સવલતો તો ઠીક, પણ ખાવાનું અન્ન પણ સમાન રીતે મળતું નથી તેનો પણ સવાલ છે.

કોરોનાથી બચવા માટે ડેવિડ ગેફ્રેન નામના અમેરિકન ઉદ્યોગપતિ અને ફિલ્મ નિર્માતા તેમની માલિકીની આશરે રૂ. ૪૫૦૦ કરોડની વૈભવી નૌકામાં જાતે એકલા અલગ થઈ ગયા છે અને સૌને માટે સંદેશો મોકલે છે કે, ‘આશા છે કે બધા સલામત છે.’ અદ્‌ભુત લાગે છે ને આ સંદેશો ! અમેરિકાના કેટલાક મૂડીપતિઓ કોરોના વાઈરસની ગંભીરતાની ખબર પડી કે છેક ન્યૂઝીલેન્ડમાં કરોડો રૂપિયાના ખર્ચે જમીનની અંદર ૧૧ ફૂટ ઊંડે બનાવવામાં આવેલા બંકરમાં સંતાવા માટે ભાગી ગયા ! રૂ. ૩૦૦૦ની કિંમતના એસોપ નામના એક સાબુથી અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની દીકરી ઈવાન્કા ટ્રમ્પનાં સંતાનો પોતાના હાથ ધોઈ રહ્યાં છે એવા સમાચાર પણ તેમણે જાતે વહેતા કર્યા ! અમેરિકન ટીવી સ્ટાર બોબી ફ્લેએ પોતાની રેસ્ટોરાંના કર્મચારીઓને પગાર ચૂકવવા માટે એક ફંડની જાહેરાત કરી અને લોકો પાસેથી દાન માગ્યું કે જ્યારે તેની પોતાની સંપત્તિ રૂ. ૨૩૦ કરોડની આસપાસ છે. એ કેવો વરવો મૂડીવાદ છે કે જેમાં છેવટે મૂડીપતિઓ બીજાના પૈસા પર જ આધાર રાખે છે !

ભારતમાં વડા પ્રધાન એક એવા પીએમ કેર્સ ફંડની જાહેરત કરે છે કે જેમાં એ પોતે અને બીજા ત્રણ કેન્દ્રીય પ્રધાનો વ્યક્તિગત રીતે ટ્રસ્ટમાં છે કે હોદ્દાની રૂએ તેની જાણકારી આ ફંડની જાહેરાત થયાના ૧૫ દિવસ પછી પણ પડતી નથી અને તેઓ એક જ અઠવાડિયામાં આ ફંડમાં રૂ. ૬૫૦૦ કરોડના માલિક બની જાય છે ! એ એક હકીકત છે કે જૂના પ્રધાન મંત્રી રાહત ફંડમાં

* પ્રા. હેમંત શાહ અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક છે અને એક સ્વતંત્ર વિચારક તરીકે તત્કાલીન પ્રશ્નો પર એમનો આગવો મત ધરાવે છે.

રૂ. ૩૮૦૦ કરોડ વણવપરાયેલા હાજર હોવા છતાં નવું ફંડ રચવામાં આવે છે અને લોકો પાસેથી દાન માંગવામાં આવે છે. ક્યાંક તો આ ફંડની કે મુખ્ય મંત્રી રાહત ફંડની પારદર્શિતા વિષે શંકા સેવનારા લોકો જો ફંડમાં દાન આપવા તૈયાર ના થાય તો તેઓ ગરીબોને મદદ કરવા તૈયાર નથી એવું સામાજિક કલંક તેમને લગાડવામાં આવે છે. રૂ. ૩૦.૪૨ લાખ કરોડનું બજેટ ધરાવનારી ભારત સરકાર અને રૂ. ૨.૧૪ લાખ કરોડનું બજેટ ધરાવનારી ગુજરાત સરકાર કોરોના મહામારી ટાણે અપારદર્શક અને અનુત્તરદાયી એવું દાન ઉઘરાવવા નીકળે ત્યારે રાજ્ય પોતે જ મૂડીવાદી થઈ ગયું હોય એમ લાગે !

આ બંને પ્રકારના ફંડમાં ફિલ્મ કલાકારો અને ધનપતિઓ કે કંપનીઓ દાન આપે છે ત્યારે તેની મોટી રકમો જાહેર થાય છે. બાઇબલનું પેલું કથન, 'સોયના નાકામાંથી ઊંટ પસાર થઈ શકે પણ સ્વર્ગના દરવાજામાંથી ધનવાન પસાર થઈ શકે નહિ.' કોઈ રાજામહારાજાએ કે ધનપતિએ ૨૦૦૦ વર્ષના ઇતિહાસમાં વાંચ્યું હોય એમ લાગતું નથી ! પણ મૂડીપતિઓ આ રીતે દાન કરીને સમાજમાં પોતાને માટે એક પ્રકારની સદ્‌ભાવના ઊભી કરે છે જેનો લાભ પાછળથી પોતાના ધંધામાં પણ કદાચ સીધી કે આડકતરી રીતે લઈ શકાય. તેઓ ખરેખર દિલથી દાન આપે છે કે નહિ એ તો ખબર પડતી નથી કારણ કે કોઈકે અમુક રકમ આપી એટલે બીજાને અમુક રકમ આપવી પડે એમ બને. મૂડીવાદનું મૂળ સ્પર્ધાનું તત્ત્વ એમાં પણ પોતાની ધાક જમાવી જતું હોય તો નવાઈ નહિ ! પણ મૂળ પ્રશ્ન એ છે કે તેઓ તેમની કુલ સંપત્તિના કેટલા ટકા રકમ આ રીતે દાનવીર બનવા માટે કે દેખાવા માટે આપે છે ? શું એમનામાં મહાત્મા ગાંધીએ કહ્યું હતું તેવી ટ્રસ્ટીશિપની ભાવના જાગી હોય છે ? હરગિજ નહિ. ગુજરાતી ભાષામાં એક કહેવત છે : ઈંટની ચોરી અને સોયનું દાન. આ બંને ફંડમાં દાન આપનારા સેલિબ્રિટીઝ અને ધનપતિઓ ક્યારે પોતાનું દાન સરકાર પાસેથી રાહતો કે સબસિડીઓ મેળવીને પાછું લઈ લેશે એની સામાન્ય જનતાને ખબર પણ નહિ પડે. આવી ખેરાત જાહેરમાં થતી હોતી નથી. કહેવત નથી કે એક હાથ આપે તો બીજો હાથ જાણે પણ નહિ ! બસ આવું જ છે આવી લેતીદેતીનું ! અવકાશના હિસાબનીશ ચંદગુપ્તના ચોપડે જ નહિ, પણ કોઈ પણ ચોપડે તેનો હિસાબ નોંધાતો નથી. કોરોના વાઈરસનું ભલું થાઓ કે એણે આ સેલિબ્રિટીઝને આટલું પુણ્ય કમાવાની તક આપી !

રસપ્રદ બાબત એ છે કે આરોગ્ય ક્ષેત્રે કામ કરનારા ડૉક્ટર, નર્સ, સફાઈ કર્મચારી કે હૉસ્પિટલના અન્ય સ્ટાફ માટે સરકારને ભાગ્યે જ કશી ચિંતા થાય છે; જેમ કે, ભારત સરકાર કે ગુજરાત સરકારે કોરોનાગ્રસ્તોની



સારવાર કરતાં તેમાંથી કોઈનું મૃત્યુ થાય તો રૂ. ૫૦ લાખ અને રૂ. ૨૫ લાખની રકમ આપવાની જાહેરાત કરી. પણ સવાલ એ છે કે તેઓ મૃત્યુ પામે તો તેમનું આટલું મૂલ્ય ગણાય કે પણ તેઓ જીવતા હોય ત્યારે તેમનું મૂલ્ય લગભગ શૂન્ય ? તેમાંનાં ઘણાં તો ગુજરાતમાં ફિક્સ્ડ મામૂલી પગારમાં કામ કરે છે. 'જીવતો નર ભદ્રા પામે' એમ નહિ પણ 'જીવતો નર ફિક્સ્ડ પગાર પામે.' આ બધા તેમના જીવના જોખમે કામ કરે છે અને સેલિબ્રિટી ગણાતા ફિલ્મ કલાકારો કોરોના વાઈરસથી બચવા તેમના રિસોર્ટ પ્રકારના બીજા ઘરે રહેવા જતા રહેતા હોય છે ! પરંતુ તેઓ એમ જ કહે છે કે 'આ કટોકટીમાં આપણે બધા સાથે છીએ' ! કેટલું જૂઠું વિધાન છે આ !

સેલિબ્રિટીઝને અને મૂડીવાદને એટલો જ નાળસંબંધ છે કે જેટલો ઉદ્યોગપતિઓને અને મૂડીવાદને છે. તેઓ મૂડીપતિઓ જ છે. તેઓ વસ્તુઓ કે સેવાઓ ઉત્પન્ન કરતા કે વેચતા નથી પણ કલાનું ઉત્પાદન કરે છે અને તેને વેચે છે. સેલિબ્રિટીઝ અને મૂડીપતિઓ એ બધા જ એક માળાના મણકા હોય છે. એક એક ફિલ્મમાંથી કરોડો કમાતા હૉલિવૂડ અને બૉલિવુડના કલાકારો તેમ જ ફૂટબૉલ અને ક્રિકેટના રમતવીરો જેવા લોકો જ્યારે આપત્તિ સમયે દાન આપે છે ત્યારે આમ જુઓ તો મૂડીવાદી આર્થિક, સામાજિક અને રાજકીય માળખાને મજબૂત કરવાને જ પ્રોત્સાહન મળે છે. હાજમોલાથી હીરા સુધીની ચીજોની જાહેરખબરમાં આવતા અમિતાભ બચ્ચન, વિજ્ઞાપનમાં 'ઠંડા મતલબ કોકા કોકા' બોલતા આમીર ખાન વગેરે કલાકારો કરતાં સેલ્સમેન વધારે લાગે છે ! કોઈ સેલિબ્રિટી વ્યક્તિ પોતાના ભપકા કદી ઓછા નહિ કરે અને કોરોના પછીના જગતમાં પણ તેઓ તેમના ભપકાને મહત્ત્વ આપતા જ રહેશે. ભપકા તેમનો વિશ્વાસ છે, તેમનું ફેફસું છે, કોરોના ત્યાં પહોંચી શકતો જ નથી.

આ સેલિબ્રિટી કલ્ચરનો ચેપ ઘણી વાર નાનામોટા રાજકારણીઓને પણ લાગે છે ! અમદાવાદમાં એક ધારાસભ્યને કે મહાનગરપાલિકાના એક કૉર્પોરેટરને ગંભીર રીતે કોરોનાગ્રસ્ત થયાના કલાકોમાં જ સરકારી હૉસ્પિટલમાં સારવારની સગવડ મળે છે અને બે જ દિવસ પછી અમદાવાદમાં બીજી એક સરકારી સિવિલ હૉસ્પિટલમાં ૨૫ જેટલા કોરોનાગ્રસ્ત દર્દીઓ સારવાર માટે હૉસ્પિટલના પ્રાંગણમાં ફાંફાં મારતા નજરે પડે છે ! મૂડીવાદમાં રાજકારણ અને પૈસા કેવા એકબીજાના ગોઠિયા અને સહિયારા ગઠિયા બની જાય છે એનું આ ઉદાહરણ છે. સેલિબ્રિટી ચેપ રાજકીય નેતાઓને પણ ક્યારેક લાગેલો હોય છે તે આનાથી છતું થાય છે. જો કે, સેલિબ્રિટીઝ કરતાં રાજકીય નેતાઓ ઘણીવાર લોકો સાથે વધારે

હોય છે એનું કારણ તેમની સત્તા પ્રાપ્ત કરવાની અને પ્રાપ્ત કરેલી સત્તાને ટકાવી રાખવાની સાહજિક ખેવના હોય છે.

મૂડીવાદ ગમે તે વસ્તુ કે સેવાને કે વિચારને બજારમાં લઈ આવે છે, એ તેની કળા છે. ગમે તેને પોતાની અંદર સમાવી લેવા અને તેનો ઉપયોગ નફા માટે કરવો એ મૂડીવાદની ખાસિયત છે. એટલે તમામ કલાઓનું પણ એક બજાર છે. ફિલ્મોમાં અભિનય અને જુદી જુદી રમતોમાં મોખરે રહેવાની કલાઓની નાણાકીય કિંમત હોય છે. એટલે તો IPLની ક્રિકેટ શ્રેણીમાં રમતવીરો વેચાય છે અને ખરીદાય છે અને કોઈક આખી ટીમના જ માલિક હોય છે. બજાર બધાનું માલિક છે. કોરોના વાઈરસે ફરી એક વાર એ પ્રસ્થાપિત કર્યું છે કે મૂડીવાદ કલાને માત્ર કલા ખાતર જોતો નથી, તેનું કોઈ માનવીય મૂલ્ય પણ નથી, પણ તેનું ફક્ત નાણાકીય મૂલ્ય જ છે.

મુકેશ અંબાણીના મુંબઈના રૂ. ૫૦૦૦ કરોડના ખર્ચે બંધાયેલા નિવાસને 'સંપત્તિની અભદ્રતા' (Vulgarity of Wealth) કહેનારા એક બીજા ભારતીય રતન તાતાએ તા. ૨૦-૪-૨૦૨૦ના રોજ એક વેબિનારમાં આશરે ૫,૦૦૦ બિલ્ડરો અને સ્થપતિઓને સંબોધતાં એમ કહ્યું કે 'એક સમયે જ્યાં ઝૂપડપટ્ટી હતી ત્યાં મોંઘા ભાવનાં ઘર બાંધવામાંથી ડેવલપર્સને મોટો લાભ થાય છે, અને મને લાગે છે કે કોરોના મહામારીના કિસ્સામાં જે કંઈ પહેલી જ વાર બન્યું છે તે એ છે કે, તેમની એકદમ નજીકમાં જ આપણે જે ઓછી કિંમતનાં ઝૂંપડાં ઊભાં કર્યા તે જ હવે વાઈરસના ફેલાવાનું કારણ બન્યાં છે... ઝૂંપડપટ્ટી વિકાસનો બાકી વધેલો અવશેષ બની ગઈ છે.' કોરોના વાઈરસના ફેલાવા અને 'સંપત્તિની અભદ્રતા' વચ્ચેનો સહસંબંધ રતત તાતા બહુ સરસ રીતે આમ જોડી આપે છે. આમ જુઓ તો વિકાસનું જે મૉડેલ અપનાવવામાં આવ્યું છે. તેમાં ધનવાનોને આખી થાળીનું ભોજન ખાતાં જે બાકી એઠવાડ રહે છે તે જ ગરીબોને ભાગે આવે છે. કોરોના વાઈરસ આ એઠવાડના મૉડેલને જરાક જેટલો સ્પર્શી શકે તેટલોય મજબૂત થયો લાગતો નથી. વિકાસના આ મૉડેલે અભેદ્ય બખ્તર પહેરેલું છે.

નોબેલ સાહિત્ય પુરસ્કાર ૧૯૬૪ વિજેતા વિખ્યાત અસ્તિત્વવાદી ફ્રેંચ દાર્શનિક જ્યાં પોલ સાર્ત્ર (૧૯૦૫-૮૦) તેમની નવલકથા 'Nausea'માં કહે છે કે, 'અસ્તિત્વ ધરાવતી દરેક ચીજ કશા કારણ વિના જન્મે છે, પોતાની નબળાઈને લીધે એ જીવ્યા કરે છે અને અચાનક જ એ મરી જાય છે.' વૈજ્ઞાનિકો કહે છે તે મુજબ તો કોરોના વાઈરસનું પણ કંઈક આવું જ લાગે



છે. પણ સેલિબ્રિટીઝ તો કારણ સાથે જન્મે છે, ચાંદીના સાથે જીવે છે અને કોરોનો વાઈરસ જેવું કશું તેમને સ્પર્શે નહિ કે શરીરમાં ઘૂસે નહિ તો ભર્યુંભાદર્યું જીવન ભોગવીને જ તેઓ પાકટ ઉંમરે મરે છે. મૂડીવાદના લગભગ બે સદીના ટકાઉ વિકાસમાં આ સેલિબ્રિટીઝ તેના ક્યાંક ચીયર લીડર્સ છે, તો ક્યાંક લાભાર્થી છે, તો ક્યાંક તેમની રાજકર્તાઓ અને ઉદ્યોગપતિઓ સાથેની સહકારી મંડળી છે. જરા યાદ કરો ભારતના તાજેતરના ઇતિહાસના એક નોંધપાત્ર સંયોજન એવા અભિનેતા અમિતાભ બચ્ચન, ઉદ્યોગપતિ અનિલ અંબાણી અને ઉત્તર પ્રદેશના રાજકારણી અમરસિંહના અમર, અકબર, એન્થની જેવા વિખ્યાત ત્રિપુટી દોસ્તાનાને !

**આરોગ્યનો ધંધો : કોનું કેટલામું સુખ તે જાતે નર્યા ?**

'આરોગ્ય એટલે માત્ર રોગ અને અશક્તિનો અભાવ નહીં, પણ સંપૂર્ણ શારીરિક, માનસિક અને સામાજિક સુખાકારી' એવી આરોગ્યની વ્યાખ્યા વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) દ્વારા આપવામાં આવી છે. પણ કોરોના મહામારીના કિસ્સામાં તો જાણે આખી દુનિયા શારીરિક અસ્તિત્વ ટકાવવા માટે બેબાકળી બની હોય તેવું દેખાય છે. સ્વાભાવિક પણ છે. આરોગ્યનું મહત્ત્વ ત્રણ રીતે છે : (૧) આરોગ્યનું વાસ્તવિક મહત્ત્વ છે. એટલેકે નીરોગી હોવું એ જ એક અમૂલ્ય સિદ્ધિ છે. (૨) આરોગ્યનું વ્યક્તિત્વ અને સામાજિક સાધનગત મહત્ત્વ છે. એટલે કે તે વધુ સારું જીવન જીવવા માટેનું સાધન બને છે. સામાજિક રીતે પણ તે ઉપયોગી બને છે. (૩) આરોગ્ય લોકોનું સશક્તીકરણ કરે છે. એટલે કે તે વ્યક્તિને તેનું આર્થિક જીવન સારી રીતે જીવવામાં સહાયરૂપ બને છે. પણ પ્રશ્ન એ છે કે વ્યક્તિનું આરોગ્ય સાચવવાની, ટકાવવાની અને સુધારવાની જવાબદારી કોણ કેટલી અદા કરે ?

અમેરિકામાં માણસો ટપોટપ મરી રહ્યા છે ત્યારે 'આપણે જાહેર આરોગ્ય પ્રયોગશાળાઓમાં ખૂબ ઓછું રોકાણ કર્યું છે...પૂરતાં સાધનો નથી, પૂરતા માણસો નથી, પૂરતી આંતરિક ક્ષમતા નથી' - અમેરિકાના સેન્ટર ફૉર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શનના નિયામક અને અગ્રણી વાઈરોલોજિસ્ટ રોબર્ટ રેડફિલ્ડ દ્વારા તાજેતરમાં 'ધ ઈન્ટરસેપ્ટ'ને આપવામાં આવેલી એક મુલાકાતમાં આમ જણાવવામાં આવ્યું હતું. એનું કારણ શું ? ખરીદશક્તિની સમતા (PPP)ને આધારે વિશ્વ બેંકના અંદાજ અનુસાર ભારતની માથાદીઠ આવક ૨૦૧૮માં ૭,૬૮૦ ડોલર હતી અને અમેરિકાની ૬૩,૬૯૦ અને છતાં આ સ્થિતિ ? કારણ એ છે કે સારું આરોગ્ય એ માનવ મૂલ્ય છે એના કરતાં એ એક મોટો

નફાકેન્દ્રી ધંધો છે. દવાઓ, દવાઓ વેચતા દુકાનદારો, ડૉક્ટરો, મેડિકલ કૉલેજો, દવા કંપનીઓ, હૉસ્પિટલો અને વાઢકાપનાં સાધનો ઉત્પન્ન કરતી કંપનીઓ વગેરે આ નફાકેન્દ્રી ધંધાનાં સાધનો છે અને તેમની વચ્ચેની સાંઠગાંઠના તો અનેક વરવા પુરાવા મળે છે. એમાં દર્દી એક મનુષ્ય નથી પણ નફા માટે ઉત્પન્ન થયેલું અને હૉસ્પિટલમાં આવેલું એક સાધન બને છે.

આરોગ્ય એ બીજી વસ્તુઓ અને સેવાઓ કરતાં જુદી પડતી ચીજ છે એ સમજવાની જરૂર છે. શિક્ષણ કરતાં પણ તેનું મહત્ત્વ વધારે છે કારણ કે આરોગ્ય સારું હોય તો જ વ્યક્તિ શિક્ષણ પણ પ્રાપ્ત કરી શકે છે. જો આરોગ્યને એક આર્થિક વસ્તુ તરીકે જોવામાં આવે તો કેટલીક મુશ્કેલીઓ ઊભી થાય છે. પરંતુ જો આરોગ્યને પ્રાથમિક જરૂરિયાતની ચીજ ગણવામાં આવે તો આરોગ્ય ક્ષેત્રમાં સરકારી હસ્તક્ષેપ જરૂરી બની જાય છે. જો સરકાર લોકોના આરોગ્યનું ધ્યાન ના રાખે અને જો લોકો જાતે પોતાના આરોગ્ય પર બજારમાં ધ્યાન આપી શકે તેવી નાણાકીય સ્થિતિ ધરાવતા ના હોય તો સ્થિતિ કફોડી થઈ જાય છે.

સરકારો આરોગ્ય માટે ખર્ચ કરવાનું બંધ કરે છે અથવા ઓછું કરે છે ત્યારે લોકો માટે મુશ્કેલ પરિસ્થિતિ આકાર પામે છે. ભારતના બંધારણમાં રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં કલમ-૪૧ એમ જણાવે છે કે વૃદ્ધાવસ્થા, માંદગી અને અપંગતાના કિસ્સામાં નાગરિકને જાહેર સહાયનો અધિકાર છે. કલમ-૪૭ એમ જણાવે છે કે રાજ્ય તેના લોકોનું પોષણનું સ્તર ઊંચું લઈ જવાને અને જાહેર આરોગ્યની સુધારણાને પોતાની એક પ્રાથમિક ફરજ ગણશે. જો આ સિદ્ધાંતોનું પાલન કરવામાં આવે તો કેન્દ્ર અને રાજ્ય સરકારોએ આરોગ્ય માટે જરૂરી ખર્ચ કરીને પ્રાથમિક ફરજ નિભાવવી જોઈએ.

૨૦૧૭-૧૮માં ભારતમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોનું આરોગ્ય માટેનું ખર્ચ રૂ. ૧૫૮૦ અબજ હતું કે જે દેશની જીડીપીના માત્ર ૧.૨૮ ટકા હતું. ૨૦૦૮-૧૫ દરમ્યાન આ ખર્ચ લગભગ ૧.૩ ટકાએ સ્થિર રહ્યું હતું. ભારત સરકારે ૨૦૧૭ની રાષ્ટ્રીય આરોગ્ય નીતિમાં કહ્યું કે સરકારે તેના કુલ ખર્ચના આઠ ટકા ખર્ચ આરોગ્ય પાછળ કરવું જોઈએ. પણ તે પોતે જ એમ કરતી નથી. ૨૦૨૦-૨૧ના બજેટમાં તે ખર્ચ માત્ર ૨.૨૧ ટકા છે ! ભારતમાં ૨૦૧૫માં આરોગ્ય માટેનું માથાદીઠ વાર્ષિક ખર્ચ રૂ. ૫૭૭૫ હતું અને બ્રિક્સ દેશોમાં સૌથી ઓછું હતું એટલું જ નહિ પણ અન્ય દેશોમાં અને ભારતમાં બહુ મોટો તફાવત હતો. જેમ કે ચીનમાં તે રૂ. ૩૨૩૪૦ હતું અને બ્રાઝિલમાં તે રૂ. ૭૨૯૧૯ હતું. પ્રશ્ન માત્ર ઓછા ખર્ચનો નથી પણ તે કોણ કરે છે તે



એટલું જ અગત્યનું છે. ભારતમાં આરોગ્ય પાછળ ૩૦ ટકા ખર્ચ સરકાર કરે છે અને ૭૦ ટકા ખર્ચ લોકો પોતે કરે છે. એનો અર્થ એમ થાય છે કે જેઓ આ ખર્ચ કરી શકે તેમ નથી. તેમણે બીમારીમાં જીવવું પડે છે અથવા તો વહેલાં મરવું પડે છે.

ભારત સરકારનું આરોગ્યનું ખર્ચ ૨૦૧૯-૨૦માં સુધારેલા અંદાજ મુજબ રૂ. ૬૪૬૦૯ કરોડ હતું અને તે ૨૦૨૦-૨૧માં વધારીને રૂ. ૬૭૧૧૨ કરોડનું કરવામાં આવ્યું. આ માત્ર ૩.૯ ટકાનો વધારો થયો. ફુગાવાનો દર પાંચ ટકાનો ગણવામાં આવે તો વાસ્તવિક રીતે ખર્ચમાં વધારો ના થયો પણ ઘટાડો થયો ગણાય ! શું ભારત સરકારને પહેલી ફેબ્રુઆરીએ બજેટ રજૂ થાય છે ત્યારે કોરોના આવી રહ્યો છે તેની કોઈ ખબર હતી જ નહિ ? ગુજરાત સરકારનું બજેટ તો ૨૬ ફેબ્રુઆરીએ આવ્યું. નાણાપ્રધાનના પ્રવચનમાં કોરોના વિષે એક શબ્દ પણ ઉચ્ચારવામાં આવ્યો નથી કે આ મહામારીનો સામનો કરવા માટે શું કરવામાં આવી રહ્યું છે તેને વિષે પણ કશું જ કહેવામાં આવ્યું નથી ! સ્થળાંતરિત મજૂરો સહિતના ખાસ કરીને ૮૦ કરોડ ગરીબોને મોટે ભાગે કોરોના મહામારીના કિસ્સામાં રામ ભરોસે છોડી દેવામાં આવ્યા હોય તેવું લાગે છે !

જરા જુઓ ગુજરાતમાં શું થઈ રહ્યું છે. રાજ્ય સરકારે અખબારોમાં જાહેરખબર આપીને એમ કહ્યું હતું કે : (૧) ખાનગી હૉસ્પિટલોમાં કોરોનાના દર્દીઓને વિનામૂલ્યે સારવાર અપાશે. (૨) રાજ્ય સરકાર દ્વારા દરેક જિલ્લામાં ખાનગી હૉસ્પિટલોને સારવાર માટે માન્યતા અપાઈ. (૩) કોરોનાના દર્દીઓની સારવારનો તમામ ખર્ચ રાજ્ય સરકાર ચૂકવશે. આવી જાહેરાત કરાયા બાદ પછી થોડા જ દિવસોમાં અમદાવાદની ત્રણ ખાનગી હૉસ્પિટલો કોરોનાગ્રસ્તોની સારવાર માટે મંજૂરી આપવામાં આવી અને જાહેરાત કરવામાં આવી કે તેમાં સારવાર માટેનો ખર્ચ દર્દીએ જાતે ભોગવવાનો રહેશે અને આ જાહેરાત તો ત્યારે કરવામાં આવે છે કે જ્યારે આશરે ૬૦ લાખની વસ્તી ધરાવતા અમદાવાદમાં હજુ એક હજાર દર્દીઓને પણ સરકારી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા નહોતા ! તરત જ ખાનગી હૉસ્પિટલમાં રૂ. ૩ લાખની રૂ. ૮.૫ લાખમાં સારવાર થાય એમ એચસીજી અને સ્ટર્લિંગ હૉસ્પિટલોના સત્તાવાળાઓએ જાહેર પણ કર્યું ! જો સરકારી હૉસ્પિટલમાં સગવડ બાકી બચી ન હોય અને આટલા રૂપિયા જો તમારી પાસે ના હોય તો તમને જીવવાનો અધિકાર નથી, સમજ્યા ? ઊંચું ખાનગી આરોગ્ય ખર્ચ અને સરકારી આરોગ્ય વ્યવસ્થાની ખામીઓ પોતે જ લોકો માટે અસહાયતા ઊભી કરે છે.

ભારતની સર્વોચ્ચ અદાલતે ખાનગી લૅબ કોરોના ટેસ્ટ વિનામૂલ્યે કરે તેવો હુકમ તા. ૮-૪-૨૦૨૦ના રોજ કર્યો. તેનો ખાનગી લૅબવાળાએ વિરોધ કર્યો. તેમણે કહ્યું કે એ તો જ શક્ય બને કે જો તેનું ખર્ચ સરકાર આપે. સરકારે એમ કહ્યું કે સર્વોચ્ચ અદાલત પોતાનો આ હુકમ રદ કરે કારણ કે સરકારને પોતાને એ ખર્ચ ઉઠાવવું નથી ! સરકારે પોતે ઝડપથી ટેસ્ટ માટેનું માળખું તૈયાર કર્યું નહિ અને ખાનગી માળખા માટે તે રકમ ચૂકવવા તૈયાર નથી ! આખા દેશમાં તા. ૨૫ એપ્રિલ સુધીમાં માત્ર ૫.૮૦ લાખ લોકોના કોરોના ટેસ્ટ થયા. વસ્તીના માત્ર ૦.૦૪ ટકા ! કેમ ? કારણ કે સરકારે તેની ભાગ્યે જ કોઈ વ્યવસ્થા ૨૨ માર્ચે 'જનતા કરફ્યૂ' થાય ત્યાં સુધી થઈ ન હતી. યુકેમાં ખાનગી લૅબમાં એક કોરોના ટેસ્ટ પાછળ રૂ. ૩૨,૫૦૦નું ખર્ચ થાય છે. જો તમારી પાસે એટલી રકમ ના હોય તો ટેસ્ટ નહિ કરાવવાનો ! સરકાર પણ ના કરે તો અને કોરોનાગ્રસ્ત થાઓ તો, અને સરકારી હૉસ્પિટલમાં તમારી સારવાર શક્ય ના હોય તો 'વિજયી વિશ્વ તિરંગા પ્યારા, ઝંડા ઊંચા રહે હમારા' ગીત ગાતાં ગાતાં મરી જવાનું !

લોકોનું આરોગ્ય બગડે તો દવા કંપનીઓનો ધંધો સારો ચાલે ! ભારતના રાષ્ટ્રીય શેર બજાર NSEમાં દવા કંપનીઓના શેરના ભાવનો ઇન્ડેક્સ, કે જેને ફાર્મા ઇન્ડેક્સ કહેવામાં આવે છે તે, તા. ૨૭-૧૦-૨૦૧૯ના રોજ, ૭,૭૪૪ હતો અને તે વધીને ૨૪-૪-૨૦૨૦ના રોજ ૯,૫૧૮ થયો છે. જ્યારે આખું શેર બજાર લથડિયાં ખાય છે ત્યારે ફાર્મા કંપનીઓના શેરના ભાવ વધી રહ્યા છે ! ન્યૂ યોર્ક શેર બજારનો ભાવાંક ડાઉ જોન્સ તરીકે ઓળખાય છે. તેમાં પણ ફાર્મા કંપનીઓનો જુદો ઇન્ડેક્સ નીકળે છે અને તે એક વર્ષ અગાઉ ૪૭૧ હતો અને તે ૨૪ એપ્રિલ-૨૦૨૦ના રોજ ૬૪૦ થયો હતો ! આમ, ત્યાં ફાર્મા કંપનીઓના શેરના ભાવ એકંદરે ૩૬ ટકા વધ્યા છે ! ફાર્મા કંપનીના શેરમાં રોકાણ કરનાર કોરોનાગ્રસ્ત બને તો કંપનીને ફાયદો થાય પણ વ્યક્તિનું મોત પણ થઈ શકે ! માત્ર દવા બનાવતી કંપનીઓ જ શેર બજારમાં નોંધાયેલી હોય છે એવું નથી, હૉસ્પિટલો પણ શેર બજારમાં નોંધાયેલી કંપનીઓ છે. મુંબઈ શેર બજારમાં હૉસ્પિટલો ધરાવતી ૨૩ કંપનીઓ નોંધાયેલી છે. જેમ લોકો બીમાર પડે અને આ હૉસ્પિટલોમાં ભરતી થાય તેમ બજારમાં આ કંપનીઓના ભાવ વધે. કોરોના એમાં તેમને સાથ આપશે !

વિકાસની ગણતરી તો જુઓ : લોકો બીડી-સિગારેટ ફૂંકે, તમાકુ ચાવે અને શરાબ પીએ તો કેન્સર થાય. તો તેની સારવાર માટે દવાઓ, હૉસ્પિટલો,

**(અનુસંધાન પૃ.૨૯ પર...)**



# ૪. પ્રવૃત્તિ સરિતા

## ૪.૧ કોરોના વાઈરસ અંગે વેબિનાર

ભારતીય સમુદાય શિક્ષણ સંઘમાં તા. ૨૫ જુલાઈ ૨૦૨૦ના રોજ કોરોના વાઈરસ અંગે જાગૃતિ કેળવવાના પ્રયાસોના ભાગરૂપે 'કોરોના વાઈરસ' વિષય પર એના કર્મચારીઓ માટે એક વેબિનાર યોજાઈ ગયો. મુખ્ય વક્તા હતા પ્રા. નીલાબહેન ઉપાધ્યાય (નિવૃત્ત પ્રાધ્યાપક, માઈક્રોબાયોલોજી-ગુજરાત કૉલેજ, અમદાવાદ) એમણે વાઈરસના ઉદ્ભવથી અંત સુધી પાવર પોઈન્ટ રજૂઆત દ્વારા ઉદાહરણ સહિત સમજ આપી.

વેબિનારની શરૂઆતમાં સંસ્થાના કાર્યકર શ્રી વિક્રમસિંહ ચૌહાણે હાલ દેશ અને દુનિયામાં કોરોના વાઈરસના વધતા જતાં કેસો અને તેને લીધે થયેલ મૃત્યુ વિશે વાત કરી અને મહેમાનોનું સ્વાગત કર્યું. પ્રા. નીલાબહેને તેમના વક્તવ્યમાં વાઈરસની શોધથી શરૂ કરીને તેના ગુણધર્મો, પ્રજનનની રીત અને તેના ફેલાવા વિશે વિગતે સમજ આપી. વાયરસ ખૂબ ગંભીર રોગો ઉત્પન્ન કરે છે તે ઉદાહરણ આપી સમજાવ્યું. આ બધા રોગો પ્રાણીજન્ય છે તે પણ સમજાવ્યું. દા.ત. સ્વાઈન ફ્લુ ભૂંડ દ્વારા, હડકવા કૂતરા દ્વારા અને કોવિડ-૧૯ ચામાચિડિયાં અને ઊંટથી ફેલાય છે. વાઈરસના બંધારણ અંગે વાત કરતા એમણે કહ્યું કે મધ્યભાગમાં ન્યુક્લીઈક એસિડ (NA) DNA અથવા RNA હોય છે. NA ની આજુબાજુ પ્રોટીનનું આવરણ હોય છે. કોરોના વાઈરસના કુળમાં વાઈરસ આલ્ફા, વાઈરસ બીટા અને વાઈરસ ગેમાનો સમાવેશ થાય છે. હાલની મહામારી બીટા કોરોના વાઈરસને કારણે ઉત્પન્ન થઈ છે. બીટા કોરોના વાઈરસને SARS cov-II તરીકે પણ ઓળખવામાં આવે છે. કોરોના વાઈરસ લાળ દ્વારા, હવા દ્વારા, પદાર્થો પરની સપાટી દ્વારા, સપાટી પરનું Transmission તેમજ વ્યક્તિ સાથેના સીધા સંપર્કથી, આડકતરા સંપર્કથી, અત્યંત નજીકના સંપર્કથી ફેલાય છે.

વાઈરસથી બચવા માસ્ક, સેનિટેશન અને સામાજિક દૂરી કઈ રીતે કોરોના સંક્રમણને રોકે છે તે વૈજ્ઞાનિક તથ્યો સાથે સમજાવ્યું. આખા વાર્તાલાપથી કોરોના વાઈરસ અને એના સંક્રમણને રોકવાના ઉપાયો વિષે એકદમ સ્પષ્ટ

સમજ મળી અને માસ્ક, સેનિટેશન અને સામાજિક દૂરી વગેરેમાં વિશ્વાસ વધ્યો. વેબિનારના અંતમાં શ્રી વિમળાબહેને ઉપરોક્ત માહિતી આપવા બદલ પ્રા. નીલાબેનનો આભાર વ્યક્ત કર્યો અને કહ્યું કે આ માહિતી સામાજિક ક્ષેત્રમાં કામ કરતાં કાર્યકરો માટે અત્યંત ઉપયોગી નીવડશે. રસ ધરાવતા મિત્રો આ વેબિનારને સંસ્થાના ફેસબુક અને યુટ્યૂબ પર જોઈ શકાશે. (https://youtu.be/FKDR8CisPAs)

**૪.૨ કોરોના મહામારીને લીધે આદિવાસી ગ્રામીણ શ્રમિકો પર અસર : સર્વે રિપોર્ટ**

વિશ્વમાં કોરોના મહામારી ચાલી રહી છે, જેના કારણે અકલ્પનીય આર્થિક નુકસાન થયું છે અને લાખો લોકોનાં મૃત્યુ થયાં છે. આ એવી સ્થિતિ છે જ્યાં આખી દુનિયા સ્થિર થઈ ગઈ છે અને ઉદ્યોગ ધંધા પડી ભાંગ્યા છે, એમાં પણ ખાસ કરીને આદિવાસી ગ્રામીણ શ્રમિકો પર એની ગંભીર અસર થઈ છે. ભારતીય સમુદાય શિક્ષણ સંઘ દ્વારા કેટલાક આદિવાસી (૬૭) મિત્રોનો એક નાનો સર્વે કરવામાં આવ્યો છે. આ સર્વેમાં દક્ષિણ ગુજરાતના સુરત, નર્મદા, તાપી, વલસાડ, નવસારી, ડાંગ અને ભરૂચ જિલ્લાના આ ૬૭ આદિવાસી ગ્રામીણ શ્રમિકોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં ૫૪ પુરુષોએ અને ૧૩ સ્ત્રીઓએ ભાગ લીધો. આ નિદર્શમાં સુરત જિલ્લાના ૨૧, ડાંગ જિલ્લાના ૧૬, નર્મદા જિલ્લાના ૧૩, ભરૂચ જિલ્લાના ૯, તાપી જિલ્લાના ૪ અને વલસાડ જિલ્લાના ૪ શ્રમિકો છે.

સર્વે હેઠળ આવરી લીધેલ આદિવાસીઓમાંથી ૨૭ આદિવાસીઓ (૧૪ પુરુષ અને ૧૩ સ્ત્રીઓ) ખાંડના કારખાનામાં કામ કરે છે, જેમાં મોટા ભાગે પતિપત્ની સાથે કામ કરે છે. તેમને કામના કલાકો પ્રમાણે રોજી મળે છે. પણ મહિને સરેરાશ રૂ. ૧૧,૦૦૦ની આસપાસ કમાઈ લે છે. તેમના કામનો સમય ૧૨ થી ૧૪ કલાકનો હોય છે. તદુપરાંત કારખાના તરફથી એમને એક ઓરડાવાળો મફત આવાસ પણ મળે છે.

હાલમાં તેઓ કારખાનામાં જતા નથી. પગાર ઓછો મળે કે ફરીથી લૉકડાઉન થાય એ બીક બધાના મનમાં છે. સુરત અને દમણની કાપડની મિલમાં કુલ ૨૦ કામ કરે છે. લૉકડાઉનને લીધે એ લોકો પોતાના પરિવાર



સાથે ગામ પાછા આવી ગયા છે. એમની ઉંમર ૨૫ થી ૩૦ વર્ષની છે. પુરુષો ૧૨મું ધોરણ પાસ કરેલ છે. આ મિલોમાં કામ કરતા શ્રમિકોની મહિનાની આવક રૂ. ૯૬૫૦/- છે. આ માટે તેઓએ રોજ ૧૦ કલાક કામ કરવું પડે છે. જો તેઓ ઓવરટાઈમ કરે તો તેમને ૧ કલાક દીઠ ૪૦ રૂપિયા વધારાના આપવામાં આવે છે. દવાના કારખાનામાં ૮ પુરુષો કામ કરે છે. તેમની મહિનાની આવક રૂ. ૧૧,૫૦૦ છે. ઈલક્ટ્રિક સાધનો બનાવતા કારખાનામાં ૧૨ પુરુષો કામ કરે છે. તેઓએ આઈ.ટી.આઈ.માં વાયરમેન તથા ઈલેક્ટ્રિકનો અભ્યાસક્રમ કરેલો છે. તેમની ઉંમર ૧૮ થી ૨૫ વર્ષની છે. તેમની મહિનાની આવક ૯૫૦૦ રૂપિયા છે. લૉકડાઉન દરમ્યાન અને લૉકડાઉન ખૂલ્યા પછી એમની પરિસ્થિતિ તે જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો. લોકડાઉનની જાહેરાત કર્યા પછી આ બધા શ્રમિકો ૨૫ માર્ચના રોજ જ પોતાના ગામે પરત આવ્યા હતા.

આ તમામ શ્રમિકોમાંથી ૧૬ ટકા પોતાનું ઘર વ્યવસાયના સ્થળે ખરીદી શક્યા. ખાંડના કારખાનામાં કામ કરતા મજૂરોને કારખાના તરફથી આવાસ મળ્યો છે. પણ બીજા તમામ લોકો ભાડાના મકાનમાં રહે છે. લગભગ ૭૯% લોકો પાસે પોતાની મોટરસાઇકલ છે. આથી લૉકડાઉન પછી એ લોકો પોતાની મોટરસાઇકલ પર ઘરે આવ્યા. અને ૧૪% લોકો પગપાળા આવ્યા. એમને માટે કંપનીએ ઘરે જવાની કોઈ જ વ્યવસ્થા કરી ન હતી.

૬૭% શ્રમિકો માને છે કે એમની નોકરીને કોવિડ-૧૯ને લીધે કોઈ આંચ નહીં આવે. અકબંધ રહેશે. પણ જૂન-૨૦૨૦ના આખર સુધી કે (જ્યારે આ સર્વે કરવામાં આવ્યો હતો ત્યાં) આમાંના કોઈ શ્રમિકો નોકરીમાં પાછા ગયા ન હતા. ૩૩% શ્રમિકોને તો ફરીથી જૂની નોકરી મળવાની કોઈ આશા નથી. વેતન સંદર્ભે પણ આ શ્રમિકોને (૪૦ ટકા) પહેલા જેટલું વેતન મળવાની ખાતરી નથી. વળી ઘણાને એમ લાગે છે કે હવે ઘર ફરી કેવી રીતે શોધવું ? એટલે હાલમાં પોતાના જ ગામમાં ખેતી તેમજ પશુપાલનના કામમાં લાગી ગયા છે અને નવી રોજગારી શોધવા માટે પ્રયત્ન કરે છે. આમાંથી ૨૮.૬ ટકા શ્રમિકોને માર્ચ મહિનાનો પણ પગાર મળ્યો નથી, જ્યારે ૭૧.૪ ટકા

શ્રમિકોને માર્ચ મહિનાનો પૂરો પગાર તથા એપ્રિલ, મે ના પગારનો કેટલોક ભાગ મળ્યો છે.

ગામડાના જીવનમાં પણ લૉકડાઉનને લીધે જીવન જરૂરિયાતની ચીજો મેળવવામાં મુશ્કેલી નડી છે. સરકાર સિવાય ૧૮% શ્રમિકોને જ અન્ય દાતાની મદદ મળી. અડધાથી વધારે લોકોને તો રોકડ કે મફત અનાજની સહાય સરકાર તરફથી પણ મળી નથી. લૉકડાઉન દરમ્યાન સામાન્ય આરોગ્ય સેવાઓ ચાલુ રહી હતી. એકંદરે શ્રમિકોના જીવન પર આ કોરોના વાઈરસ અને લૉકડાઉને નોંધપાત્ર અસર કરી છે.

### ૪.૩ ધ્વજવંદન

કોરોના મહામારી વચ્ચે પણ સંસ્થામાં દર વર્ષની જેમ ૧૫મી ઑગસ્ટે સંસ્થાના કાર્યકરો દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું. કાર્યક્રમ દરમ્યાન કોરોના મહામારી સંબંધી નક્કી થયેલ તમામ પ્રોટોકોલ પાળવામાં આવ્યા હતા.

### ૪.૪ કોરોના સંદર્ભે રાહત કાર્યો

કોરોના વાઈરસ સંદર્ભે લોકજાગૃતિ વધે તે માટે નાના પાયા પર જાગૃતિ અભિયાન કરવામાં આવ્યું. વિલ્ફ ઈન્ડિયાના સહયોગથી આ કાર્યક્રમ સંપન્ન થયો. કોરોના વાઈરસને ફેલાતો રોકવા માર્ચથી શરૂ કરીને ૭૦ દિવસ લૉકડાઉન રહ્યું. આ દિવસો દરમ્યાન અનેક લોકોની રોજગારી ગઈ. ભારતીય સમુદાય શિક્ષણ સંઘ દ્વારા આવા એક મજૂર વિસ્તારમાં અનાજ અને માસ્કની વહેંચણી કરવામાં આવી.

ભારતીય સમુદાય શિક્ષણ સંઘની ભગિની સંસ્થા યુવક વિકાસ ટ્રસ્ટ કે જ્યાં વર્ષોથી સીવણ ક્લાસ ચાલે છે ત્યાં ખાદીના કાપડના માસ્ક બનાવવાનું શરૂ કર્યું. આ માટે કેટલીક ખાદી ખરીદવામાં આવી. જ્યારે ૧૩૪ મીટર ખાદી મફત પણ મળી. કુલ ૨૫૪૪ માસ્ક બહેનોએ બનાવ્યા. આ માસ્ક રાહતભાવે અથવા મફત અનેક વિસ્તારો જેમાં પરીક્ષિતનગર, રામદેવપીરનો ટેકરો, શાહપુર વગેરે વિસ્તારોના ઝૂંપડાઓમાં રહેતા લોકોને માસ્ક આપવામાં આવ્યા. જરૂર લાગી ત્યાં સુખડી પણ વહેંચી અને કેડીલા હેલ્થ કેટ દ્વારા રોગપ્રતિકારક શક્તિની દવા પણ વહેંચી. અમદાવાદની જેમ જ કાર્યક્ષેત્રના ત્રણ ગામડાંઓમાં પણ લોકજાગૃતિ અને માસ્ક વિતરણના કાર્યક્રમો કર્યા.



## ૫. સમુદાય શિક્ષણમાં અવનવું

### ૫.૧ વિજ્ઞાનક્ષેત્રે જાતીય અસમતુલા પર જેન્ડર રિપોર્ટ

(૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૦)

વૈશ્વિક રીતે પ્રવર્તતી અનેક પ્રકારની સ્ત્રી-પુરુષ અસમાનતાઓમાં એક અસમાનતા તે વિજ્ઞાન કે ટૅક્નોલોજીના શિક્ષણમાં બહેનોની ભાગીદારી અસમાનતા. જી-૭ના દેશો દ્વારા તાજેતરમાં બહાર પડેલા જેન્ડર રિપોર્ટ પ્રમાણે વિશ્વના ૧૨૦ દેશોમાં મેન્યુફેક્ચરિંગ અને બાંધકામ અને ઈન્ફર્મેશન અને કૉમ્યુનિકેશન ટૅક્નોલોજી (ICT)માં માત્ર ૨૫% બહેનો કામ કરે છે. પશ્ચિમ આફ્રિકા (બેનીન, ઘાના, માલી) અને પશ્ચિમ યુરોપ (બેલ્જિયમ, ધ નેધરલેન્ડસ, સ્વીટ્ઝર્લેન્ડ)માં આ પ્રમાણ હજી પણ ઓછું છે. દા.ત. OECD (Organization for Economic Co-operation and Development) દેશોમાં ૧૫ વર્ષની ઉંમરે છોકરીઓ કરતાં ડબલ છોકરાઓ એન્જિનિયર, વૈજ્ઞાનિક કે આર્કિટેક્ટ બનવા તૈયાર છે. છોકરીઓ કરતા ૧૦ ઘણા છોકરાઓ ICT પસંદ કરે છે. ફિનલેન્ડ જેવા દેશોમાં ૬.૨% છોકરાઓ એન્જિનિયરિંગ, વિજ્ઞાન કે આર્કિટેક્ટમાં જાય છે, જ્યારે માત્ર ૧.૪% છોકરીઓ આ ક્ષેત્રોમાં જાય છે. આ અસમાનતાને દૂર કરવાના પ્રયાસો થઈ રહ્યા છે, જેમાંના કેટલાંક નોંધપાત્ર પ્રયાસો અહીં નોંધ્યા છે.

(૧) ૨૦૦૫ થી સાઉથ આફ્રિકામાં ચાલતો ટૅક્નોગર્લ પ્રોગ્રામ જેમાં શાળામાં ભણતી છોકરીઓને પસંદ કરી કૉર્પોરેટ એકમ સાથે જોડવામાં આવે છે, જેથી એ એન્જિનિયરિંગ કે વિજ્ઞાન ભણવાનો આત્મ વિશ્વાસ કેળવી શકે.

(૨) જેન્ડર રિસ્પોન્સિવ ક્વૉલિટી STEM (Science, Technology, Engineering & Management) ઍજ્યુકેશન પ્રૉજેક્ટ જેને જાપાન દ્વારા ફંડ મળે છે આફ્રિકામાં ચાલે છે. આ પ્રૉજેક્ટ અન્વયે શિક્ષકો અને શિક્ષણ સાથે જોડાયેલા વહીવટદારોને તાલીમ આપવામાં આવે છે. છોકરીઓ જે કારણોસર વિજ્ઞાનના શિક્ષણથી દૂર ભાગે છે તેને ઓળખી એને દૂર કરે અને વધુ ને વધુ છોકરીઓ વિજ્ઞાન, ટૅક્નોલોજી, એન્જિનિયરિંગ અને મેથેમેટિક્સ ભણે તે માટે પ્રયત્ન કરે છે. આ તાલીમમાં જેન્ડર આધારિત અભ્યાસ પદ્ધતિ એનું વિવેચનાત્મક પૃથક્કરણ અને ICTના ઉપયોગના જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે.

## ૫.૨ ગરીબીમુક્ત ભારત ઉપર યુવા શિબિર

નહેરુ યુવા કેન્દ્રના સહયોગથી ભારતીય સમુદાય શિક્ષણ સંઘની ભગિની સંસ્થા યુવક વિકાસ ટ્રસ્ટ અમદાવાદ દ્વારા ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ એક દિવસીય યુવા શિબિરનું આયોજન કર્યું હતું. વિષય હતો 'ગરીબીમુક્ત ભારત' જેમાં અમદાવાદની કૉલેજોના ૪૫ ઉત્સાહી વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ ભાગ લીધો હતો.

સેમિનારનું ઉદ્‌ઘાટન ડૉ. આંબેડકર ઓપન યુનિવર્સિટીના વાઈસ-ચાન્સેલર ડૉ. અમીબહેન ઉપાધ્યાયના હસ્તે થયું. નહેરુ યુવા કેન્દ્ર, અમદાવાદના સંયોજક શ્રી પ્રફુલભાઈ ત્રામ્બડીઆએ કર્યું. નહેરુ યુવા કેન્દ્ર યુવા વર્ગને પ્રોત્સાહિત કરવાનું કામ કરે છે. સ્વાગત પ્રવચનમાં વ્યવસ્થાપક ટ્રસ્ટી ડૉ. મંદાબહેન પરીખે કહ્યું કે આજે દેશમાં દિવસે ને દિવસે ગરીબી વધતી જાય છે. ગરીબી કેમ ઓછી થતી નથી ? યુવાનોએ ગરીબીનો પ્રશ્ન કરવાનો છોડી દીધો છે. વાસ્તવિકતા આપણા ધ્યાનમાં નથી આવતી. યુવાને જાગૃત થઈ આ દિશામાં કામ કરવાની જરૂર છે.

ડૉ. અમીબહેન ઉપાધ્યાયે કહ્યું કે ગરીબી ચાર પ્રકારની છે. આર્થિક, રાજકીય, સામાજિક અને નૈતિક. તેના નિવારણ માટેની કામગીરી કરવી પડે. આજના યુવાનને કોઈ વાતનું આશ્ચર્ય થતું નથી. સારું નરસું પણ તે જોતો નથી. ગરીબી નિવારણ માટે ગાંધીજીના સિદ્ધાંતોને આજે અમલમાં મૂકવાની જરૂર છે. એનાથી જ આપણે ગરીબીમુક્ત ભારત બનાવી શકીશું.

પ્રથમ સત્રમાં રોજગારી અને ગરીબી વિષય પર ડૉ. હેમંતભાઈ શાહે કહ્યું કે કાયદામાં વર્ષમાં ૧૦૦ દિવસની જોગવાઈ છતાં છેલ્લા પાંચ વર્ષમાં ૪૧ દિવસની રોજગારી અપાઈ છે. આ વર્ષે ૧૯૨૩૮ પરિવારોને જ ૧૦૦ દિવસની રોજગારી મળી છે. હાલ આઠ કલાકની શારીરિક મજૂરીનું વેતન નક્કી હોવા છતાં ૧૭૮ રૂપિયા જ આપવામાં આવે છે. કેન્દ્ર સરકારની અનિયમિતતાથી ગયા વર્ષે ૬૩.૪૬% અને ચાલુ વર્ષે માત્ર ૧૯.૩૪% કામ પૂરાં થયાં છે.

બીજા સત્રમાં ગરીબી નાબૂદીના ઉપાયો : એક વિહંગાવલોકન વિષય પર શ્રી પ્રવીણભાઈ પટેલે કહ્યું કે ભારતમાં ગરીબી નિવારણ માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો ઘણા પ્રકારના કાર્યક્રમો ચલાવે છે. પણ યોજનાઓના લાભો ગરીબો સુધી પહોંચતા નથી. ગરીબોની સ્થિતિ ત્યાંની ત્યાં જ રહે છે.



ત્રીજું સત્ર, 'ભારતમાં ગરીબીની સામાજિક અસરો' પર પ્રો. મનોજભાઈ પરમારે કહ્યું કે ગરીબીના કારણે સમાજમાં હિંસા, વ્યસન, અસુરક્ષા તેમજ અસામાજિક પ્રવૃત્તિ વધે છે. સમાજમાં ગરીબોનું જુદી જુદી રીતે શોષણ થાય છે. તેથી સમાજને અને સમાજ વ્યવસ્થાને હાનિ પહોંચે છે.

ચોથા સત્રમાં જૂથ ચર્ચા થઈ; સહભાગીઓ ચાર જૂથમાં વહેંચાયા હતા. (૧) ગરીબી નિવારણમાં યુવાનની ભૂમિકા, (૨) ગ્રામીણ વિકાસ અને ગરીબી નિવારણ, (૩) શહેરી વિકાસ અને ગરીબી નિવારણ, (૪) ગાંધીજી અને ગરીબી નિવારણ. પ્રથમ જૂથ દ્વારા યુવાનોએ રોજગારી કઈ રીતે મેળવવી, યુવાનોએ નાત-જાતના ભેદભાવો કેવી રીતે દૂર કરવા, વ્યસનમુક્તિના કેવી રીતે પ્રયત્ન કરવા, ભ્રષ્ટાચાર કેવી રીતે નાબૂદ કરવો વગેરે પર ચર્ચા કરવામાં આવી. બીજા જૂથ દ્વારા ગ્રામીણ વિકાસથી ગરીબી, ગ્રામીણ ખેડૂતોના પાકના ખરીદ-વેચાણ, ખેડૂતોને થતી ખોટનું વળતર, ગરીબ ખેડૂતોને ઓછા વ્યાજે ધિરાણ, ગ્રામીણ વિકાસ માટે ગામડામાં પ્રાથમિક સુવિધાઓ, આરોગ્ય કેન્દ્ર નિરક્ષર વ્યક્તિને સરકારી યોજનાઓનો લાભ વગેરે ઉપર ચર્ચા થઈ.

ત્રીજા જૂથ દ્વારા શહેરી વિકાસ અને ગરીબી નિવારણ પર ચર્ચા કરવામાં આવી. શહેરોમાં ખાનગી સ્કૂલોની જગ્યાએ સરકારી સ્કૂલો જોઈએ. ચોથા જૂથે 'મજૂરોને પૂરતું વળતર' બાબતે ચર્ચા કરી. યુવક વિકાસ ટ્રસ્ટના નિયામકશ્રી મયંકભાઈ ઉપાધ્યાયે ગ્રામીણ ગરીબી, શહેરી ગરીબી, ગરીબ અને અમીર વચ્ચેના ભેદભાવો, ટાટા, અંબાણી, અદાણી જેવી અમીર વ્યક્તિઓનો ગરીબ પ્રજા પ્રત્યેના આદર તથા સરકાર અને દેશના ઉદ્યોપતિઓની મનોવલણોની ચર્ચા કરી. સૈન્ય પાછળ જે મોટા ખર્ચા થાય છે તેની નિર્થકતાની વાત કરી. અંતે સંયોજક શ્રી વિક્રમસિંહ ચૌહાણે તમામનો આભાર વ્યક્ત કર્યો હતો.

**ક્ષમા યાચના**

યાત્રાપથ જૂન-૨૦૨૦ના અંકમાં 'પુસ્તક પરિચય' પાના નં. ૨૫ પર પુસ્તકનું નામ ભૂલથી લાઈટ ટુ લાઈફ - Light to Life છપાયું છે. પરંતુ સાચું નામ લાઈફ ટુ લાઈટ Life to Light છે. આ ક્ષતિ બદલ સંસ્થા અત્યંત દિલગીર છે.

## ૬. પુસ્તક પરિચય

પુસ્તકનું નામ : જમીન સુધારો અને દલિતોની સ્થિતિ : એક મૂલ્યાંકન (ગુજરાત ખેત જમીન ટોચમર્યાદા ધારો ૧૯૬૦ના સંદર્ભમાં)
લેખક : ડૉ. મંજુલા લક્ષ્મણ, ગૂજરાત વિદ્યાપીઠ
પ્રકાશક : ગુર્જર પ્રકાશન
પ્રાપ્તિસ્થાન : ગુર્જર સાહિત્ય ભવન, રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન : ૦૭૯-૨૨૧૪૪૬૬૩, ૨૨૧૪૯૬૬૦
e-mail : goorjar@yahoo.com,
web : gurjarbooksonline.com
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૯

જમીન સુધારા અંતર્ગત સરકાર દ્વારા દલિતોને અપાયેલી જમીન અંગેના ક્ષેત્ર આધારિત અભ્યાસો ખૂબ ઓછા છે. અહીં લેખિકાએ, ડૉ. અમર્ત્ય સેનના ‘ઉત્પાદકીય સંસાધન અધિકાર અને સક્ષમતા’નાં સૈદ્ધાંતિક માળખાને આધારે ગુજરાતમાં દલિતોને વહેંચાયેલી જમીનોની વહેંચણીની પ્રક્રિયા, દલિતોની સ્થિતિ તેમજ વહેંચણીમાં ઊભી થયેલી સમસ્યાઓની ચર્ચા કરી છે.

પ્રકરણ-૧ વિષય પ્રવેશ કરાવે છે. ગુજરાતમાં ખેડૂતોની સ્થિતિ ખાસ કરીને દલિત-વંચિત આદિવાસીની સ્થિતિ, જમીન-સુધારાનો કાયદો અને એની મહત્તાની ચર્ચા કરી છે. તદુપરાંત અભ્યાસના ઉદ્દેશો અને પદ્ધતિની વિગતે ચર્ચા કરવામાં આવી છે.

પ્રકરણ-૨ માં ગુજરાતમાં ખેત જમીન ટોચમર્યાદાનો કાયદો અને જમીન વહેંચણીની રીતની ચર્ચા કરવામાં આવી છે. તેમજ ગુજરાત રાજ્યમાં ખેતજમીન ટોચમર્યાદાનાં જમીન સંસાધનની પુનઃવહેંચણીની જમીનની સમાનતા તપાસવામાં આવી છે. આ પ્રકરણ દ્વારા દલિત ખેડૂતોને નીચું પ્રમાણ અને દલિતોમાં આર્થિક અધિકારોની પરિસ્થિતિની ચર્ચા કરી છે. અભ્યાસ એ સ્પષ્ટ કરે છે કે ગ્રામીણ વિસ્તારમાં જમીન વહેંચણી પ્રક્રિયામાં દલિતોની સામેલગીરી થઈ શકી નથી.

પ્રકરણ-૩માં જમીન સુધારાની દલિતોની કાર્યક્ષમતા ઉપર થયેલી અસરની સમીક્ષા કરવામાં આવી છે. એમણે કાગળ પરની વહીવટી પ્રક્રિયા અને વાસ્તવિક વહેંચણીની પ્રક્રિયા એ બે વચ્ચેના અંતરનાં અનેક ઉદાહરણ આપ્યાં છે. વહીવટી તંત્રની મર્યાદાઓની પણ સ્પષ્ટતા કરી છે. જમીનની પુનઃવહેંચણી પાછળ દલિતોના સશક્તીકરણનો ઉદ્દેશ હતો. આ પ્રકરણમાં આ ઉદ્દેશની આડે આવતા અવરોધોની પણ ચર્ચા કરવામાં આવી છે.



પ્રકરણ-૪ અને ૫ માં ગુજરાત રાજ્યમાં ઉપરોક્ત છ જિલ્લાના અમદાવાદ, અમરેલી, બનાસકાંઠા, ભાવનગર, સુરેન્દ્રનગર અને કચ્છના દલિતો પાસેથી સામાજિક આર્થિક બાબતોની માહિતી એકત્ર કરી છે. આ માહિતીના પૃથક્કરણ પરથી એ સ્પષ્ટ જણાય છે કે મોટાભાગના દલિતો પોતાને મળેલી જમીનનો આર્થિક સંસાધન તરીકે ઉપયોગ કરી શક્યાં નથી.

પ્રકરણ : છ-સાત-આઠમાં સરકારની ખેતમંડળીઓની અને કાઉન્સિલ ફૉર સોશિયલ જસ્ટિસની ભૂમિકાની વાત કરી છે તથા સાથો સાથ દલિતોને સશક્ત કરવામાં આ મંડળીઓની ભૂમિકા પણ તપાસી છે. સૌથી વધુ રસપ્રદ તો સાતમાં પ્રકરણમાં રજુ કરેલા લગભગ આઠ જુદા-જુદા કિસ્સાઓ છે, જેમાં સર્વે નંબર ક્યાં હોય, ખેતર ક્યાં હોય તેની ખબર ન હોય તેવા દલિતોને મળીને નહેર સિંચાઈનો લાભ કેવી રીતે લેવો તે બતાવી આર્થિક રીતે સક્ષમ થયા હોય તેવા ખેડૂતોની વાત પણ આવે છે. દુઃખની વાત તો એ છે કે સમગ્ર રીતે જોતાં દલિતોની આર્થિક સંપન્નતા અને સામાજિક દરજ્જા પર સુધારાઓનો ખાસ પ્રભાવ પડ્યો નથી. જમીન સુધારણા માટે સહકારી મંડળીઓ અને ન્યાય પરિષદ પણ દલિતોને ખાસ મદદરૂપ થયા નથી.

અંતમાં નવમા પ્રકરણમાં કેટલીક મહત્ત્વની વાત કરી છે, જેમ કે ફળદ્રુપ જમીન પર મૂળ માલિક પોતાનાં જમીનનો અધિકાર દલિતોના પક્ષમાં છોડવા તૈયાર નથી. આથી ઘણા દલિતો ખાસ કરીને જે ગામમાં એ લઘુમતીમાં હોય ત્યાં એમને જમીન મળી જ નથી. લેખિકા એમ પણ માને છે કે જમીન આપવાથી દલિતોનો વિકાસ થશે એ આશાવાદ ખોટો છે. પટેલ સમાજ જે રીતે જમીનની પુનઃવહેંચણીને પોતાના હિતમાં વાપરી શક્યો તે મૉડેલ જો દલિતો પણ અપનાવે તો જેટલા લોકોને જમીન મળી છે, તે પોતાની અને સમગ્ર દલિત સમાજની સક્ષમતામાં વધારો કરી શકે છે. પણ એવું થયું નથી.

દલિતો પર ખૂબ ઓછા અભ્યાસો થયા છે. એમાં આ એક બહુ જ મહત્ત્વના મુદ્દા પર અભ્યાસ કરી લેખકે દલિતોની સ્થિતિ પર ફરી એકવાર પ્રકાશ પાડ્યો છે. દલિતો પર અભ્યાસ કરતા અને કામ કરતા તમામ માટે આ પુસ્તક ઉપયોગી છે.

## ૭. આગામી કાર્યક્રમો

### ૭.૧ નિબંધ લેખન સ્પર્ધા

છેલ્લાં ૧૨ વર્ષથી દર વર્ષે તારીખ ૨જી ઑક્ટોબર ગાંધીજયંતી નિમિત્તે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ સાથે એક નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. સંસ્થાએ આ વર્ષે શિક્ષકો માટે નિબંધ સ્પર્ધા કરવાનું નક્કી કર્યું છે, જેમાં દરેક શાળામાંથી વધુમાં વધુ ૪ શિક્ષકો ભાગ લઈ શકશે. તેઓની શાળામાં શિક્ષકોએ લખેલ નિબંધો પોસ્ટ કે ઈમેઈલથી મોકલવાનો રહેશે. નિબંધનો વિષય છે, 'નવી શિક્ષણ નીતિ અને ગાંધી વિચાર' આ નિબંધ સ્પર્ધામાં પ્રથમ આવનારને રૂ. ૨૫૦૦/-, બીજાને રૂ. ૧૭૫૦/- અને ત્રીજાને રૂ. ૧૫૦૦/-નો પુરસ્કાર અને ભાગ લેનાર સહુને પ્રમાણપત્ર આપવામાં આવશે. અલબત્ત સ્પર્ધાના નિયમોને આધીન જે નિબંધો નહીં હોય તેમનો સ્વીકાર કરવામાં આવશે નહીં. નિબંધ સ્પર્ધાની તમામ માહિતી ISCE ના ફેસબુક પેજ પર વિગતે મૂકેલ છે. નિબંધ મોકલવાની છેલ્લી તારીખ ૧૫ મી ઑક્ટોબર ૨૦૨૦ છે.

### ૭.૨ 'કોવિડ-૧૯ અને યુવાનોની ભૂમિકા' વિષય પર વેબિનાર

તાજેતરમાં કોરોના સંક્રમણના વધારા સાથે નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ જાહેર થઈ છે. કોરોનાએ યુવાનોની રોજગારી અને શિક્ષણ બંનેને પ્રભાવિત કર્યા છે. આ સંદર્ભે આગામી ૯ ઑક્ટોબરે 'કોવિડ-૧૯ અને યુવાનોની ભૂમિકા' અને 'નવી શિક્ષણનીતિ અને યુવાન' આ વિષય પર તા. ૫ નવેમ્બર ૨૦૨૦ના રોજ આ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ વેબિનારમાં સહુને જોડાવા આમંત્રણ છે. યુવાનોમાંથી જેમણે આ સમય દરમ્યાન સેવાનાં કામો કર્યાં હોય તેમને સવિશેષ આમંત્રણ છે.

### ૭.૩ મોબાઈબલ વીડિયો સ્પર્ધા - ૨૦૨૦

ભારતીય વસ્તી શિક્ષણ સંઘ સક્રિયપણે આરોગ્ય, વ્યસનમુક્તિ, પર્યાવરણ, સલામત બાળ-માતૃત્વ, તેમજ વસ્તી શિક્ષણના લગતા વિવિધ વિષયો પર કામ કરે છે. કોવિડ-૧૯ની મહા ગંભીર બીમારીને કારણે આજે સમસ્ત વિશ્વ ચિંતિત છે. ખાસ કરીને યુવાન આ બાબતે જાગૃત થાય અને સમાજમાં કોવિડ-૧૯માં તેની જવાબદારી પર ગહન વિચાર કરતો થાય, એ ઉદ્દેશથી સંસ્થા



દ્વારા ભારતીય સમુદાય શિક્ષણ સંઘના સહયોગમાં 'કોવિડ-૧૯ અને યુવાનો' વિષય પર એક મોબાઈલ વીડિયો સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. મોબાઈલ વીડિયો વધુમાં વધુ ૨ મિનિટનો બનાવી શકાશે. વધુ નિયમો માટે અમારા facebook page Indian Society for Community Education - ISCE ની મુલાકાત લો અને આ કાર્યક્રમમાં તમારું નામ નોંધાવો.

### ૭.૪ આદિવાસી બાળકોને મોબાઈલ દ્વારા ઑનલાઈન શિક્ષણ આપવું

ભારતીય સમુદાય શિક્ષણ સંઘ દ્વારા કોરોના મહામારી દરમ્યાન નિશાળો બંધ હોવાથી ગામડાંનાં બાળકોનો અભ્યાસ ન બગડે એ હેતુસર જે બાળકો મોબાઈલથી જોડાઈ શકે એમને ઑનલાઈન ભણાવવાનું આયોજન કર્યું છે. આ કાર્યક્રમ સપ્ટેમ્બરમાં પ્રયોગાત્મક રીતે ચાલુ કર્યો છે, જેમાં ૧ થી ૫ ધોરણનાં દેવગીરી ગામનાં બાળકોને જોડ્યાં છે. આગામી મહિનામાં લગભગ ૩૦ બાળકોને જોડાવવાનું આયોજન છે. આ બાળકોને અભ્યાસક્રમ ઉપરાંત બાળવાર્તાઓ અને કવિતાઓ શીખવવામાં આવશે. અમારો પ્રયાસ આ બાળકો કાચી ઉંમરે ભણવાનું છોડી ન દે અને બીજા કરતાં પાછળ ન રહી જાય તે જોવાનો છે.

### ૭.૫ કોરોના મહામારી અને બેરોજગારી ઉપર વેબિનાર

કોરોના મહામારીને લીધે દેશના કરોડો લોકોની રોજગારી છિનવાઈ ગઈ છે. આ બેરોજગાર લોકોની વ્યથા સમજવા અને બેરોજગારોને માર્ગદર્શન મળે એ ઉદ્દેશથી જે બેરોજગાર હાલમાં રોજગારી મળેલ યુવક-યુવતીઓ અને બેરોજગાર યુવક-યુવકી વચ્ચે ઑનલાઈન ચર્ચા રાખવામાં આવેલ છે. આ ચર્ચા ઑક્ટોબર ૨૫, ૨૦૨૦ના રોજ ગૂગલ મીટ પર થશે.

> બહેનો પોતાની જાતને પુરુષની ગુલામ માને છે પણ કાયદા અને સામાજિક પ્રથાઓ બધામાં સ્ત્રીને પુરુષ જેવું અને જેટલું જ સ્થાન મળવું જોઈએ.
>
> સ્ત્રી અને પુરુષ એકબીજાને પૂરક છે. એનો અર્થ એ નથી કે સ્ત્રીએ જ પુરુષને અનુકૂળ થવાનું છે.
>
> **- મહાત્મા ગાંધી**

(...અનુસંધાન પૃ.૧૭નું ચાલુ)

ડૉક્ટર અને નર્સ પેદા કરનારી મેડિકલ અને નર્સિંગ કોલેજો, વાઢકાપનાં સાધનો પેદા કરનારી કંપનીઓ અને દુકાનદારો તથા તેમને માટેની અનેક સગવડો પેદા થાય. આ બધું ઉત્પન્ન થાય તો અર્થશાસ્ત્રમાં એમ કહેવાય કે જીડીપી વધ્યો, માથાદીઠ આવક વધી અને વિકાસ થયો પણ પેલો માણસ મરી ગયો એનું શું ? મૂડીવાદ કે તેનું સ્પર્ધાત્મક બજાર એની ચિંતા કરતા નથી. વિશ્વ વ્યાપાર સંગઠન (WTO)માં પણ આરોગ્ય ક્ષેત્રે વૈશ્વિક સ્પર્ધા ઊભી કરવાની ચિંતા કરવામાં આવી છે ! ખરેખર આને કહેવાય કે વિકાસ ગાંડો થયો !

૧૯૩૮માં અમેરિકામાં પોલિયોનો રોગચાળો ફાટ્યો ત્યારે રાષ્ટ્રપ્રમુખ ફ્રેન્કલિન રૂઝવેલ્ટ હતા. તેમણે દાન ભેગું કરવા એક બિન-સરકારી કાર્યક્રમ શરૂ કર્યો. આ કાર્યક્રમમાંથી જોનાસ સાલ્કના સંશોધનને માટે નાણાં આપવામાં આવ્યાં હતાં અને તેમાંથી પછી પોલિયો માટેની રસી શોધાઈ. સીએનએનના પત્રકારે જોનાસ સાક્લને પૂછ્યું કે 'આ રસીનો પેટન્ટ કોનો છે ?' ત્યારે તેમણે કહ્યું : 'લોકો પાસે જ એ છે. શું તમે સૂરજનો પેટન્ટ લઈ શકો ?' ગુજરાતીમાં કહેવત છે કે 'પહેલું સુખ તે જાતે નર્યા.' પણ પહેલું સુખ કોનું ? ખાનગી હૉસ્પિટલો, ડૉક્ટરો, સંશોધકો અને દવા બનાવતી કંપનીઓનું કે લોકોનું ?

---

(...અનુસંધાન પૃ.૨નું ચાલુ)

ગ્રામસ્વરાજની વાત એટલે ગામને પુનર્જીવિત કરવાની વાત. પુનઃ શક્તિમાન કરવાની વાત, ગામોના પુનરુત્થાનની વાત. સર્વે સમાવેશી અર્થવ્યવસ્થાની વાત, જેમાં ન વર્ગભેદ હોય, ન ધર્મભેદ કે ન જ્ઞાતિભેદ.

આ પૂર્વભુમિકામાં ૭૦ વર્ષે આપણે ગાંધીજીના ગામ પ્રત્યેના પ્રેમને અને 'ગ્રામસ્વરાજ'ની પરિકલ્પનામાં ક્યાં છીએ ? આજે ૭ લાખમાંથી ગામડાં ઘટીને ૫ લાખ થઈ ગયાં છે. ગ્રામીણ વસ્તી કુલ વસ્તીમાં ઘટતી જાય છે. શહેરી વસ્તીનું પ્રમાણ વધતું જાય છે. ગામમાં બિનકૃષિ આવકો વધતી જાય છે. કુલ રાષ્ટ્રીય આવકમાં ગ્રામીણ આવકનું પ્રમાણ વધે છે પણ કૃષિને લીધે નહીં. હાલમાં જ ૨૦૨૧ની વસ્તી ગણતરીની પૂર્વ તૈયારી રૂપે જે ગ્રામીણ અને શહેરી વિસ્તારના નકશા તૈયાર કર્યા છે તેમાં ગામની વ્યાખ્યામાં નીચેની ત્રણ બાબતોનો સમાવેશ થાય છે :

(૧) ૫૦૦૦ કરતા ઓછી વસ્તી

(૨) વસ્તીની ગીચતા દર ચો કિમી ૪૦૦ થી ઓછી હોવી જોઈએ.

(૩) ૨૫% કરતા વધારે પુરુષો ખેતી પર આધારિત હોય.

આ વ્યાખ્યા પ્રમાણે પહેલી વાર સેન્સસ શહેરો વધ્યાં છે. ૨૦૦૧ થી ૨૦૧૧ વચ્ચે જે શહેરોની સંખ્યા ૧૩૬૨ હતી તે ૩૮૯૪ થઈ છે. આ બધા શહેરો ઔદ્યોગિકીકરણ પર નભે છે અને એટલે જ ગ્રામીણ અર્થતંત્ર મોટું થયા છતાં ગામમાં રોજગારી વધી નથી. ગાંધીજી જે સ્પષ્ટપણે જોઈ શક્યા હતા તે આપણે જોઈ શક્યા નથી. ગામડાં ઘસાતાં જાય છે. શહેર અને ગામડાંનું અંતર વધતું જાય છે. આપણે સ્માર્ટ સિટીની વાતો કરીએ છીએ અને શહેરોને મહત્ત્વ આપીએ છીએ, દેશમાં સારો એવો વર્ગ માને છે કે દેશને ગામડાંની જરૂર નથી; ધીરે ધીરે કરતાં ગામડાં શહેરનો ભાગ બની જશે. વિકાસની દોડમાં શહેર આગળ છે. એટલે એ જ રાજ કરે તે યોગ્ય છે. પણ હકીકત એ છે કે ગાંધીજીના વખતમાં શહેરીકરણે વિશ્વયુદ્ધો આપ્યાં અને આજે આપણને કોરોના વાઈરસ આપ્યો અને વિનાશ તરફ જવાનો રસ્તો ખોલી આપ્યો. આપણું આખું વિકાસનું તંત્ર કેટલું નબળું છે એ આ મહામારીમાં દેખાય છે.

ટૅક્નોલોજી ભલે અસંભવને સંભવ બનાવતી હોય પણ એમાં નૈતિકતાનું રોજે રોજે ખૂન થાય છે આપણને ખબર નથી અને ઘણા બધા લોકો થોડાના હાથમાં રમે છે. હિંસા સર્વત્ર છે. શોષણ સર્વત્ર છે. અસત્ય સર્વત્ર છે. હકીકતમાં સત્ય-અહિંસાના પાયા પર વિકસેલ સમાજ આપણે જોયો નથી, ત્યાં સુધી એનું મૂલ્ય સમજવું મુશ્કેલ છે. ભારતમાં એકીસાથે શહેર અને ગામની સંસ્કૃતિ અસ્તિત્વમાં છે. પણ ગાંધીજી માનતા હતા કે મહેલોમાં રહીને કરોડો લોકો એકબીજા સાથે શાંતિથી નહીં રહી શકે. સત્ય અને અહિંસા વગર ભેદભાવ વગરનો સમાજ નહીં ઊભો થાય.

ઘણાને આ utopian ખ્યાલ લાગે છે. પણ એવું નથી. ભારતીય પ્રજાનું અસ્તિત્વ જ ગામ છે, હસ્તોદ્યોગ છે, એકબીજા માટેની મોકળાશ છે. આપણે જો એક નવા વિશ્વનું સપનું જોતાં હોઈએ તો આપણી તમામ જાહેર નીતિઓને મૂળમાંથી બદલવી પડશે.

ગાંધીજીને મન પ્રવર્તમાન અર્થશાસ્ત્ર જ ખોટું છે. જે અર્થશાસ્ત્ર મૂળભૂત નૈતિકતાનાં મૂલ્યોને નકારતું હોય, નબળાનું શોષણ કરતું હોય, એ અર્થશાસ્ત્ર કેમ ચાલે ? આપણે જો ગાંધીજીના ગ્રામસ્વરાજના ખ્યાલને સિદ્ધ કરવા માંગતા હોઈએ તો નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ :

(૧) પ્રાથમિક જરૂરિયાતો સંતોષવાનો અને ઉત્પન્ન કરવાનો હક દેશમાં/વિશ્વમાં દરેકને છે. પ્રાથમિક જરૂરિયાતોથી વધારે વસ્તુઓના ઉત્પાદનમાં લોભ દાખલ થાય છે. ગાંધીજીના અર્થશાસ્ત્રમાં આ લોભને કોઈ સ્થાન નથી.

(૨) દરેકને પૂરું કામ મળવું જોઈએ. પૂર્ણરોજગારી એ સૌથી પહેલી આવશ્યકતા છે. વિકાસ અને રોજગારી વચ્ચેની પસંદગીની વાત ગાંધીજીને મંજૂર ન હતી. રોજગારીનો કોઈ વિકલ્પ ન હોઈ શકે.

(૩) માનવીય મૂલ્યો - નૈતિક મૂલ્યોના પાયા પર સમાજ ચાલવો જોઈએ.

(૪) કેન્દ્રીકરણ વિષમતા લાવે છે. શોષણ લાવે છે. હિંસાને નોતરે છે.

પરાવલંબનને નોતરે છે. આથી વિકેન્દ્રિત વ્યવસ્થા જ માનવમૂલ્યો આધારિત સમાજ ઊભો કરી શકે. એનું હાર્દ જ એ છે કે મૂડીરોકાણકારથી શ્રમિક સુધીની જે hierarchy બની ગઈ છે તેને નાબૂદ કરી બંનેને એક સ્તર પર મૂકવાના છે.

(૫) આર્થિક પ્રવૃત્તિનો હેતુ ગરીબોને સશક્ત કરવાનો છે. શ્રમિક અને રોકાણકર્તા વચ્ચેના ભેદને દૂર કરવાનો છે.

(૬) સ્થાનિક સંસાધનો, નાનું મૂડીરોકાણ, સ્થાનિક માંગ અને એમાં જરૂરી ટૅક્નોલોજીને આધારે ગામમાં વિકસેલ ઉદ્યોગ જ ગાંધીજીની કલ્પનાનું સ્વરાજ લાવી શકશે.

ટૂંકમાં ગાંધીજીના માનવકેન્દ્રી અર્થવ્યવસ્થા, શારીરિક શ્રમ આધારિત ઉત્પાદન વ્યવસ્થા અને રોજીંદા જીવનમાં શ્રમનું ગૌરવ, સમાનતા, ટ્રસ્ટીશિપ, વિકેન્દ્રીકરણ, સ્વદેશી, પંચાયતી રાજના આગ્રહોને પ્રસ્થાપિત કર્યા વગર ગ્રામવિકાસ એ ગામને શહેરમાં તબદીલ કરવાની પ્રક્રિયા બની રહેશે. ગ્રામસ્વરાજની વાત ગંભીરતાથી લેવાની આવશ્યકતા છે. કોવિડ-૧૯એ અર્થતંત્રને અને સમાજ વ્યવસ્થાને બદલવા એક અવકાશ ઊભો કરી આપ્યો છે.

**- મંદા પરીખ**

## A Picture of an Ideal Society

We are inhabitants of a Country
Where there is no sorrow and no suffering
Where there is no illusion nor anguish
No delusion, no desire
Where flows the Ganges of love
and the whole creation is full of joy
Where all minds flow in one direction
and where there is no accession for sense of time
All have their wants satisfied
Here all barter is Just
Here all are cast in the same mould
Here is no lack, nor care
No selfishness in any shape or form
No high, no low, no master, no slave
All is light, yet no burning heat
That country is within you
It is Swaraj.



## વાચકોને વિનંતી

૧. સમુદાય શિક્ષણના ક્ષેત્રે આવી રહેલ જ્ઞાનયુગને ધ્યાનમાં રાખી અનેકવિધ નવતર પ્રયોગો અને કાર્યક્રમો કરતી આ સંસ્થાને વધુ મજબૂત બનાવવા માટે આપનો સહકાર અમૂલ્ય છે. જો આપ આ સંસ્થાના સભ્ય ન હો તો **વ્યક્તિગત આજીવન** સભ્ય ફી રૂ. ૧,૦૦૦/-, **સંસ્થા** અથવા **યુનિવર્સિટી** માટેની સભ્ય ફી રૂ.૨,૫૦૦/- સંસ્થાના સરનામે તાત્કાલિક મોકલી આપવા વિનંતી. આ ઉપરાંત સંસ્થા વિશેની કોઈ પણ માહિતીની જો આવશ્યકતા હોય તો અમારો સંપર્ક કરશો.

૨. જો આપ આ સંસ્થાના આજીવન સભ્ય હો તો આપના વિશેની સંપૂર્ણ માહિતી (BIO-DATA) અમને મોકલી આપવા વિનંતી. એટલે અનુકૂળતાએ સંસ્થાના મુખપત્ર **'યાત્રાપથ'**માં આપનો પરિચય સમાવી શકાય.

૩. દર ત્રણ મહિને પ્રકાશિત થતા 'યાત્રાપથ'ના માધ્યમ દ્વારા સમુદાય શિક્ષણ સાથે આપને જોડવાનો અમારો નાનકડો પ્રયાસ છે. **'યાત્રાપથ'નું વાર્ષિક લવાજમ** માત્ર રૂ. ૫૦/- છે. જો આપ આ મોકલી આપશો તો આપના આભારી થઈશું.

૪. **'યાત્રાપથ'** વિશે આપના **પ્રતિભાવો** પણ અમને જરૂરથી લખી મોકલશો. **-તંત્રી**

યાત્રાપથ-ગુજરાતી (ત્રિમાસિક) Registered under RNI No. GUJGUJ/2007/23007
Published on 15th of January, April, July and October, Posted at Ah'd P.S.O. Office

Printed and Published by : Mayank Chandrakantbhai Upadhyay on behalf of 'Indian Society For Community Education. Printed at : Arth Computer, 203, Maurya Complex, Opp. C.U.Shah College, Income Tax, Ashram Road, Ahmedabad-380014 Published at Ahmedabad.
Editor : Manda Parikh

વાર્ષિક લવાજમ રૂ. ૫૦/-
પ્રતિ નકલ : રૂ. ૧૫/-
Year : 13 Issue No. 4
July - September - 2020

YATRAPATH
INDIAN SOCIETY FOR COMMUNITY EDUCATION
OFF ASHRAM ROAD,
NAVJIVAN PRESS ROAD,
AHMEDABAD-380014